

P.09

શાહરૂખના પુત્રએ અભિનેત્રીને તેના પ્રાઈવેટ વીડિયો લીક કરવાની ધમકી આપી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.09

નાના પાટેકર અને અનિલ કપૂર મારા ધ્યાન માટે લડતા હતા : મલ્લિકા શેરાવત

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૭૪ I વિક્રમ સંવત ૨૦૮૦ : આસો સુદ ૧૨ I પાના - ૧૦ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 74 • Dt. 15-10-2024 Tuesday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રેલવે પાન-મસાલાના ડાઘને દૂર કરવા માટે ૧૨૦૦ કરોડથી વધારે ખર્ચો કરે છે



09

15 OCTOBER- 2024 TUESDAY



09

ઋતુ પરિવર્તનને કારણે લોકોના મૂડ અને તેમના નૈતિક મૂલ્યોમાં પણ ફેરફાર થાય


A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,
પ્રાઈમ લિવિંગ
@ NEW SHAHIBAUG

Sreevas
3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERA1.GUJARAT.GOV.IN
FOR LOCATION

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## ૨૦ કરોડના ઘીનો અભિષેક થયો હોવાનો અંદાજ

# મધરાત્રી બાદ પરોઢિયે ચાર વાગ્યે પ્રસ્થાન થયેલી પલ્લી ઉપર અંદાજે ૩.૫ લાખ કિલો શુદ્ધ ઘીનો અભિષેક થયો

### કેવરદાયિની માતા અને પલ્લીના દર્શન માટે અમદાવાદ સહિત રાજ્યભરમાંથી ૯ લાખથી વધુ ભક્તો-શ્રદ્ધાળુઓ ઊમટ્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગર શહેરથી ૧૩ કિ.મી.ના અંતરે આવેલા રૂપાલ ગામના સુપ્રસિદ્ધ વરદાયિની માતાજીના મંદિરેથી આસો સુદ નોમને શુક્રવારે પરંપરાગત રીતે પલ્લી મહોત્સવ ઉજવાયો હતો.પલ્લી મહોત્સવમાં ગામની શેરીઓમાં ઘીની નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. મધરાત્રી બાદ પરોઢિયે ચાર વાગ્યે પ્રસ્થાન થયેલી પલ્લી ઉપર અંદાજે ૩.૫ લાખ કિલો શુદ્ધ ઘીનો અભિષેક થયો હોવાનો અંદાજ મંદિર ટ્રસ્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. અમદાવાદ સહિત રાજ્યભરમાંથી ૯ લાખથી વધુ ભક્તો-શ્રદ્ધાળુઓ પલ્લીના દર્શન માટે ઊમટી પડ્યાં હતાં. ત્યારે હૈયેહૈયે દબાય તેવા દ્રશ્યો





જોવા મળ્યા હતાં. પાંડવકાળથી ઉજવાતી આ પલ્લીનો ધર્મોત્સવ આ વર્ષે પણ રંગેચંગે સંપન્ન થયો હતો. માતાજીની પલ્લી ગામના ૨૭ ચકલામાંથી પસાર થઈને સવારે ૭ વાગ્યે મંદિરે પરત ફરી હતી. લાખ્ખો શ્રદ્ધાળુઓ માટે વરદાયિની માતાજીનો આ ધર્મોત્સવ જીવનભરનું સંભારણું બન્યો હતો. રૂપાલ ગામના વરદાયિની માતાજીના મંદિરથી આસો સુદ નોમની રાત્રે પલ્લી કાઢવાની પરંપરા પાંડવકાળથી ચાલી આવે છે. પલ્લીના દર્શન કરવા માટે શુક્રવારે સવારથી ભક્તોનું આગમન શરૂ થયુ હતું. દર્શનાર્થીઓ અને ભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા દિવસભર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી રાતના ૧૦ વાગ્યા સુધીમાં ૯ લાખથી વધુ લોકોનું રૂપાલ ગામમાં આગમન થયું હતું. લાખો ભક્તો ઊમટી પડવાના હોવાથી રૂપાલ ગામમાં જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સવારે ચાર વગ્યે મંદિરેથી પ્રસ્થાન થયેલી પલ્લી એક પછી એક ૨૭ ચકલામાંથી પસાર થઈ હતી. ત્યારે માનતા રાખનારા સેંકડો શ્રદ્ધળુઓ દ્વારા પલ્લીની જ્યોતમાં ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો.શ્રી વરદાયિની માતા દેવ સ્થાન સંસ્થા દ્વારા જણાવાયું હતું કે માતાજીની પલ્લીમાં અંદાજે ૩.૫ લાખ કિલો શુદ્ધ ઘીનો અભિષેક થયો હતો. શુદ્ધ ઘીના હાલમાં પ્રવર્તમાન બજાર ભાવ કિલોના રૂપિયા ૭૦૦ લેખે અંદાજે ૨૦ કરોડ રૂપિયાના ઘીનો અભિષેક થયો હતો. તેના કારણે રૂપાલ ગામની શેરીઓમાં ઘીની નદી વહેતી હોય તેવા દ્રશ્યો ભક્તોએ નિહાળ્યા હતાં.

## માંડવીના ડેકોરેશન અને નાસ્તા બાબતે રહીશો વચ્ચે મારામારી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ઘાટલોડિયાના કિર્તી એપાર્ટમેન્ટમાં રહેતા રહીશો વચ્ચે ડેકોરેશનના કામ અને નાસ્તા બાબતે મારામારી થઇ હતી. બંને પક્ષના લોકો સામસામે આવી જતા કેટલાક લોકોએ હાથપગ તોડી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ઘાટલોડિયા પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘાટલોડિયાના કિર્તી એપાર્ટમેન્ટમાં તરુણાબેન પટેલ પરિવાર સાથે રહે છે. તરુણાબેનની સોસાયટીમાં નવરાત્રિનું આયોજન થયુ હતું. જેમાં માંડવીના ડેકોરેશનનું આયોજન સોસાયટીમાં રહેતા જીગરભાઇ પટેલે કર્યુ હતું. જેને લઇને સોસાયટીમાં જ રહેતા અને લાઇટ ડેકોરેશનનું કામ કરતા જિજ્ઞેશ ઉર્ફે જીગાભાઇ પટેલ નારાજ હતા. તેવામાં ગત શનિવારે તરુણાબેન જીગરભાઇના પત્ની સાથે એ બ્લોક પાસે બેઠા હતા. ત્યારે જિજ્ઞેશ ઉર્ફે જીગાભાઇએ ત્યાં રહેતા પૂર્વિલ પટેલ વિરુદ્ધ કરેલી અરજીને લઇને પોલીસ આવી હતી. પોલીસ પૂર્વિલ સાથે વાત કરીને જતી રહી હતી.

## દારૂડિયા પતિનું કારસ્તાન, મરવામારવા પર ઉતરી આવ્યો

। પ્રતિનિધિ, વડોદરા,તા.૧૪ ।

વડોદરાના વારસિયા વિસ્તારમાં પત્ની પર ચપ્પુ વડે હુમલો કર્યા બાદ પતિએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનામાં પતિનું મોત નીપજ્યું છે, પત્નીને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ અંગે વારસીયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વડોદરાના વારસિયા વિસ્તારમાં આવેલી સંત કંવર કોલોનીમાં રહેતા જ્યોત્સનાબેન ઉર્ફે જ્યોતિ વાઘારામ સરગરા (મારવાડી) (ઉંમર ૪૦) એ વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મારા પતિ વાઘારામ મોહનલાલ સરગરા (મારવાડી) આજે સવારે આઠ વાગે મારી પાસે દારૂ પીવા માટે ૨૦ રૂપિયા માંગ્યા, પરંતુ મેં ૨૦ રૂપિયા ન આપતાં મારા પતિએ જાતે જ કપડાની થેલીમાંથી ૨૦ રૂપિયા કાઢી લીધા.

## વડોદરા દુષ્કર્મ કેસઃ નરાધમોના મોબાઈલમાં અશ્લીલ વીડિયોની ભરમાર

। પ્રતિનિધિ,વડોદરા, તા.૧૪ ।

ભાયલી ગેંગરેપ કેસમાં ઝડપાયેલા પાંચ નરાધમોના કબજે કરવામાં આવેલા પાંચ મોબાઈલમાં અનેક અશ્લિલ વીડિયો મળ્યા હતાં. આ વીડિયો જોઇને જ ગેંગરેપ વખતે વિકૃતિની તમામ હદો વટાવી હોવાનું પોલીસ માની રહી છે.ઉલ્લેખનીય છે કે ગેંગરેપના પાંચ આરોપીઓ મુન્ના અબ્બાસ બનજારા, મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા, શાહરૂખ કિસ્મતઅલી બનજારા, સૈફઅલી મહેંદી હશન બનજારા અને અજમલ સત્તાર બનજારાની જિલ્લા પોલીસે ધરપકડ કર્યા બાદ તેમના ઘેર સર્ચ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાંચેયના મોબાઈલ પણ પોલીસે કબજે કર્યા હતાં. પોલીસે પાંચેયના મોબાઈલનો અભ્યાસ કરતાં મોટી સંખ્યામાં અશ્લિલ વીડિયો તેમજ સાહિત્ય મળ્યું હતું.પાંચેય નરાધમો ખૂબ વિકૃત હોવાનું પોલીસને પ્રથમ દ્રષ્ટિએ જ જણાયું હતું. આ ઉપરાંત કેટલાંક વીડિયો પાંચેય નરાધમોએ પોતાના મોબાઈલમાંથી ડીલિટ કરી દીધા હોવાનું મનાતા પાંચેય મોબાઈલને પોલીસ દ્વારા એફએસએલમાં મોકલવામાં આવશે. પોલીસે ઝડપી પાડેલા પાંચેય નરાધમો મૂળ ઉત્તર પ્રદેશના છે પરંતુ લાંબા સમયથી તેઓ કામ ધંધા માટે વડોદરા આવીને સ્થાયી થયા છે. ગુનાઈત પ્રવૃત્તિ કરવા માટે ટેવાયેલા હોવાની આશંકા સાથે જિલ્લા પોલીસે ઉત્તર પ્રદેશ પોલીસને પણ તેમના મૂળ વતનના નામ-સરનામા સાથે એક પત્ર લખ્યો છે.

## આંગડિયા પેઢીના હવાલાના નાણા લૂંટવામાં આવ્યા

# બનાસકાંઠા : ડીસામાં ૮૦ લાખથી વધુની લૂંટ, આંગડિયા પેઢીનો કર્મચારી લૂંટાયો

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૧૪ ।

બનાસકાંઠાના ડીસામાં ૮૦ લાખથી વધુ રૂપિયાની લૂંટ થઈ ગઈ છે. આંગડિયા પેઢીના હવાલાના નાણા લૂંટવામાં આવ્યા છે. ડીસાના લાલચાલી ત્રણ રસ્તા પાસે રિવોલ્વરની અણીએ લૂંટ કરવામાં આવી છે. આંગડિયા પેઢીનો કર્મચારી એક્ટિવા પર રૂપિયા લઈને જતો હતો. ત્યારે બે શખ્સોએ તેને રિવોલ્વર બતાવી રૂ.૮૦ લાખથી વધુની લૂંટ ચલાવી હતી.આ ઘટનાની માહિતી મળતા પોલીસ ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ડીસા શહેરમાં હવાલાનું કામ કરતા ટીનાભાઈ રાજપૂતના ઘરેથી ઓફિસ મેન ૮૦ લાખથી વધુની રકમ લઈને ઓફિસ જવા નીકળ્યો હતો. ત્યારે બે અજાણ્યા શખ્સોએ તેને બંદૂક બતાવી વાડી રોડ થઈ લાલ ચાલી વિસ્તારમાંથી પૈસા ભરેલી થેલી લઈને ભાગી ગયા હતા. બનાસકાંઠા એલસીબી અને એસઓજી પોલીસે તપાસ હાથ ધરી છે. ડીસા ઉત્તર દક્ષિણ એલસીબી અને એસઓજી પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત બનાસકાંઠામાં લૂંટની અન્ય ઘટનામાં હાઈવે પર છરો બતાવીને કારની લૂંટ કરવામાં આવી હતી. પાલનપુર-અંબાજી હાઈવે પર કારની લૂંટ કરવામાં આવી હતી.

છરો બતાવી બે શખ્સો ઈકો કાર લઈને ફરાર થયા હતા. પાલનપુર જવા ગાડી ભાડે કરીને લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો. કાર માલિકે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટીમો બનાવી કારની શોધખોળ આદરી છે. ગોળા નજીક લઘુશંકા કરવા ગાડી ઊભી રખાવી છરો બતાવીને લૂંટ ચલાવી બે શખ્સો ઈકો કાર લઈ ફરાર થયા હતા. લૂંટારૂઓએ ગામઠી ભાસામાં કાર જોઈએ તો મહેસાણા આવજો તેમ કહી ફરાર થયા હતા. બનાસકાંઠાના ડીસામાં ૮૦ લાખથી વધુ રૂપિયાની લૂંટ થઈ ગઈ છે. આંગડિયા પેઢીના હવાલાના નાણા લૂંટવામાં આવ્યા છે. ડીસાના લાલચાલી ત્રણ રસ્તા પાસે રિવોલ્વરની અણીએ લૂંટ કરવામાં આવી છે. આંગડિયા પેઢીનો કર્મચારી એક્ટિવા પર રૂપિયા લઈને જતો હતો.

## ગાંધીનગરના મોટા ચિલોડા પાસે દારૂના જથ્થા સાથે ૧૩.૬૭ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ,ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગરના મોટા ચિલોડા ગિયોડ પાટીયા ઓનેસ્ટ હોટેલની પાસે કારમાં દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલ(એસએમસી)ના અધિકારીને મળી હતી. માહિતીને આધારે પોલીસે અહીં જાળ બિછાવીને ક્રેટા કાર અટકાવી હતી. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી રૂ૩,૬૨,૨૬૩ ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, મોબાઈલ, ક્રેટા કાર વગેરે મળીને કુલ રૂ. ૧૩,૬૭,૪૬૩ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે આ કેસમાં રાજસ્થાનના બાડમેરના રહેવાસી અને કારના હેલ્પર ભુવનેશ એન.ચૌધરીની ધરપકડ કરી હતી. જ્યારે ચાર આરોપી ફરાર થઈ ગયા હતા. જેમાં દારૂનો જથ્થો રાજસ્થાનથી ગુજરાતમાં મોકલનાર, કારનો ડ્રાઈવર, કારનો માલિક અને દારૂનો જથ્થો મંગવાનારાનો સમાવેશ થાય છે. આ કેસની વધુ તપાસ ચિલોડા પોલીસ સ્ટેશન કરી રહી છે.

## અમદાવાદ શહેરમાંથી ૫૦૦ અને ૧૦૦ના દરની નકલી નોટો ઝડપાઈ

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૪ ।

દિવાળીના તહેવારનો લાભ લઈ બજારમાં નકલી નોટો વટાવતા બે આરોપીની બાપુનગર પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓનો રાજસ્થાનથી નકલી નોટો લાવી છૂટકમાં અમદાવાદની બજારમાં આ નકલી નોટ ફરતી કરવાનો ઈરાદો હતો. અમદાવાદ શહેર પોલીસે દિવાળીની ખરીદી અને બજારની ભીડનો લાભ લઈને નકલી ચલણી નોટ વટાવનાર બે યુવા આરોપીઓની બાપુનગર પોલીસે ધરપકડ કરી છે. બાપુનગર પોલીસ ને બાતમી મળી હતી કે બે ઈસમો પણ ના ગલ્લા અને દુકાનો પાર આવી નકલી નોટો વટાવી રહ્યા છે. જે મામલે પોલીસે તપાસ કરતા બે ઈસમો નકલી નોટ સાથે ઝડપાયા હતા. નિકોલના ઈન્દ્ર ભૂષણ સીતારમણ ત્રિપાઠી નામના યુવકને પકડી તપાસ કરતા તેની પાસેથી ?૫૦૦ ના દરની સાત ચલણી નોટો તેમજ સો રૂપિયાના દરની ૫૨૯ જેટલી નોટો મળી આવી હતી.



### ગુજરાતમાં ગણિતના શિક્ષકોને બોર્ડના

# ગુજરાત બોર્ડના પેપરમાં ખોટા માર્ક્સ આપવા બદલ આશરે રૂ.૬૪ લાખનો દંડ ફટકારાયો

**ગુજરાત બોર્ડની પરીક્ષામાં એક મોટી ભૂલ એ થઈ હતી કે ઘણા શિક્ષકો કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।



ગુજરાત બોર્ડની પરીક્ષામાં એક મોટી ભૂલ એ થઈ હતી કે ઘણા શિક્ષકો કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગણિતના એક શિક્ષકે ૩૦ માર્ક્સની મોટી ભૂલ કરી હતી જેના કારણે વિદ્યાર્થી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો હતો. જ્યારે વિદ્યાર્થીઓએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે, જ્યારે ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-જીએસઈબીએ પરિણામની પુષ્ટિ કરી, ત્યારે એવું બહાર આવ્યું કે પેપર ચેક કારનારા ગણિતના શિક્ષકે કુલ માર્ક્સનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-જીએસઈબીએ ૪,૪૮૮ શિક્ષકોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં માર્ક્સ આપવામાં ભૂલ કરવા બદલ દંડ ફટકાર્યો છે. જીએસઈબીના અધિકારીઓએ જણાવ્યું કે આ ભૂલોને કારણે આ શિક્ષકોએ ૬૪ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે. બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂલ કરનારા શિક્ષકોમાં ૧૦૦થી વધુ શિક્ષકો એવા છે જેમણે ૧૦ કે તેથી વધુ માર્કસની ભૂલો કરી હતી, અને આમાં મોટાભાગના ગણિતના શિક્ષકો હતા.જીએસઈબીના વાઈસ ચેરમેન દિનેશ પટેલે જણાવ્યું હતું કે, આ દંડ એ સુનિશ્ચિત કરવા માટે વસૂલવામાં આવે છે કે શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે. શિક્ષકોની આ ભૂલોએ વિદ્યાર્થીઓ માટે સમસ્યા ઊભી કરે છે, કારણ કે ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામો પર આધારિત છે.ગુજરાત હાયર સેકન્ડરી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખ ભરત પટેલે જણાવ્યું હતું કે ૩૦ માર્ક્સની આ ભૂલ ગણિતના શિક્ષકના કારણે થઈ હતી, જેઓ એક માર્કસ પણ વધારે આપતા નથી. જ્યારે વિદ્યાર્થી વિષયમાં નાપાસ થયો અને પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે આ ભૂલ પકડાઈ હતી. કુલ મળીને ધોરણ-૧૦ના પેપર ચેકર્સ તરીકે કામ કરનારા ૧,૬૫૪ શિક્ષકોને ભૂલો બદલ સામૂહિક રીતે રૂ.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.એક માર્કની દરેક ભૂલ બદલ શિક્ષકોને ૧૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધોરણ-૧૦ના પેપર ચેકર્સ તરીકે કામ કરનારા ૧,૬૫૪ શિક્ષકોને ભૂલો બદલ સામૂહિક રીતે રૂ.૨૦ લાખનો દંડ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૧,૪૦૪ પેપર ચેકર્સ પર ૨૪.૩૧ લાખ રૂપિયા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧,૪૩૦ પેપર ચેકર્સ પર ૧૯.૬૬ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કિરીટસિંહ મહિડાએ જણાવ્યું હતું કે શિક્ષકો દ્વારા કરવામાં આવતી કેટલીક સામાન્ય ભૂલોમાં માર્કસની ગણતરી કર્યા પછી માર્કસ આગળ ન લઈ જવા, ચોક્કસ જવાબોના માર્કસ ધ્યાનમાં લેવાનું ભૂલી જવા અને ૨.૫ અથવા ૫.૫ જેવા કુલ માર્કસને રાઉન્ડ ન કરવા જેવી કેટલીક સામાન્ય ભૂલોનો સમાવેશ થાય છે.

### ભરુચ શહેર જિલ્લામાં સાંજે

## પાદરીયા ગામની સીમમાં પાંચ લોકો પર વીજળી પડતા ત્રણના ઘટનાસ્થળે મોત

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૪ ।

ભરુચ શહેર જિલ્લામાં સાંજ થતાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસેલા વરસાદ વચ્ચે પાદરીયા ગામમાં વીજળી પડતા ત્રણના મોત થયા હતા તેમજ બે લોકો દાઝી ગયા હતા.વાગરાથી મોટરસાયકલ લઈ પોતાના ગામ ચોરદા જતાં માર્ગમાં ધોધમાર વરસાદ પડવાનો શરૂ થતા હબીબભાઈ મલેક તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવા સહિત અન્યો સાથે વરસાદથી બચવા પાદરીયા ગામ નજીક કેનાલ પાસે બુલેટ ટ્રેનના બ્રિજ નજીક વડના ઝાડ નીચે ઊભા રહ્યા હતા. આ દરમિયાન વડના ઝાડ પર વીજળી પડતા નીચે ઉભેલા પાંચ લોકો માંથી ૩ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા તેમજ ૨ લોકો દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તમામને પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ પરના તબીબે હબીબભાઈ મલેક, તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવાને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અન્ય બે દાઝેલા ઓને વધુ સારવાર માટે ભરુચ ખાનગી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

## વિશ્વામિત્રી નદીમાં મહાકાય મગર મહિલાને ખેંચી જતા લોકોમાં ફફડાટ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૪ ।

વિશ્વામિત્રી નદી વધુ એક વખત જીવલેણ બની છે. જેમાં મગરે એક અજાણી મહિલાનો શિકાર કરતા ચકચાર મચી છે. આ બનાવને પગલે લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેમાં કાલાઘોડા વિશ્વામિત્રી બ્રિજ પાસે મહિલાને મગર મોંમાં ખેંચીને લઈ જતાં સ્થાનિક લોકો જોઈ જતા ફાયર વિભાગને જાણ કરી હતી. પાણીમાં રહેલા મહિલાના મૃતદેહને બહાર કાઢવામાં ફાયરની રેસ્ક્યૂ ટીમને પણ પરસેવો વળી ગયો હતો. કારણ કે, મહિલાના મૃતદેહની આસપાસ ચારથી પાંચ મગરો આટા મારી રહ્યા હતા.ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, આ બનાવ અંગે ૧૪ ઓક્ટોબરની સવારે ૮:૦૦ વાગ્યે કંટ્રોલ એન્ડ કમાન ખાતે કોલ મળ્યો હતો. શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી કાલાઘોડા બ્રિજ ખાતે એક મહિલાને મગર ખેંચીને લઈ જતો હોવાની વાત કરતા જ દાંડિયા બજાર ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.







## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## ગ્રીનલેન્ડના પીગળતા ગ્લેશીયર પૃથ્વીના પ્રલય કારણ બનશે!?

**પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડોગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે**

# વધતા જતા તાપમાનથી બરફ જામવાનું અને ઓગળવાનું કુદરતી ચક્ર ખોરવાયું

**ઉત્તરપશ્ચિમ ગ્રીનલેન્ડમાં સ્થિત પીટરમેન ગ્લેશિયર, આ વિસ્તારમાં વધતા તાપ માનના પરિણામે ટુકડા થઇ શકે છે નાસાએ તેની ટ્વિટર પ્રોફાઇલ પર આઇસબ્રીજ ઓપરેશનના માળખામાં લેવામાં આવેલ ફોટોગ્રાફ પ્રકાશિત કર્યો છે.**

કુદરત કરવટ બદલી રહી છે. આપણી નંદનવન સમી પૃથ્વી પર સતત ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે. જેની સીધી અસર પરીઆવરણ પર થઈ રહી છે. આજે આપણે ગ્રીનલેન્ડના ભૌગોલિક પરિસ્થિતિની વાત કરવી છે. સમગ્ર ગ્રીનલેન્ડમાં ચિંતાનો વિષય બન્યો છે.ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે. તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઈ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઈ રહયું છે.

ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઈસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. બરફની સરેરાશ ઉંચાઈ ૨૧૩૫ મીટર જયારે સૌથી વધુ ઉંચાઈ ૩૦૦૦ મીટર છે.એક સમયે ગ્રીનલેન્ડના ૫ ટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપ માન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. જુન ૨૦૧૯ના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપ માન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે હતું.

હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.





અગાઉ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઈરલ થયો હતો. આ ફોટામાં એક સમયે દોઢ મીટર જેટલો બરફ જોવા મળતો અને હવે પાણીમાં ફેરવાઈ ગયેલા સરોવરમાં વુલ્ફ ડૉગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા. બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે. આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે. બરફના પડની જાડાઈને સમજવામાં થાપ ખાઈને અનેક લોકો જીવ ગુમાવે છે. પોલાર રીંછ અને વૂલ્ફ ડૉગ જેવા પ્રાણીઓના અસ્તિત્વને પણ ખતરો છે. પર્મોફૉસ્ટ એટલે કે કાયમી બરફથી જામેલા રહેતા વિસ્તારોના ઘરો પરથી બરફ ઓછો થતા છાપરા દેખાવા લાગ્યા છે. ઉત્તરી આર્કેટિકના કેટલાક સ્થળે તો બરફનું પાણી થવાથી મકાનો ધસી રહયા છે અને ભીંતને તિરાડો પડવા લાગી છે. ગ્રીનલેન્ડ વિશ્વમાં ૧૩માં ક્રમનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ૧૦ ઈંગ્લેન્ડ ભેગા કરો તેટલા વિશાળ ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭૦૦૦ લોકો રહે છે.



## કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફલોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.



## અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઈન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઈ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૬૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્તાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઈને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઈ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઈ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્ચરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઈને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઈને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઈન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઈને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઈને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઈ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.






Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# આ છે જામફળની 5 ઉત્તમ જાત



જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.

## પંત પ્રભાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. આ પ્રકારના જામફળ પાકે છે ત્યારે તેનો ઉપરનો ભાગ પીળો થઈ જાય છે. જ્યારે, ગુદાનો રંગ સફેદ રહે છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે.

**શ્વેતા** | શ્વેતા એ પણ જામફળની એક ખાસ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ જાતની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. શ્વેતા જાતના જામફળના ઝાડની ઊંચાઈ ઓછી હોય છે. તમે 6 વર્ષ જૂના ઝાડમાંથી 90 કિલો જામફળ તોડી શકો છો. તેના એક ફળનું વજન 225 ગ્રામ સુધી હોય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ફળ ઘણા દિવસો સુધી બગડતા નથી.

**લખનઉ-49** | લખનઉ-49 જાતના જામફળના ઝાડ કદમાં નાના હોય છે. પરંતુ તેના ફળ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ પણ લખનઉ-49 જામફળ ઉત્તમ છે. તેનું એક ઝાડ 130 થી 155 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. ખેડૂતોમાં આ ખૂબ જ લોકપ્રિય જાત છે.

**થાઈ જામફળ** | થાઈ જામફળ એક વિચિત્ર જાત છે. તેના છોડ ખૂબ જ ઓછા સમયમાં ફળ આપવા લાગે છે. તેના જામફળની કિંમત વધુ છે. થાઈ જામફળ ઝડપથી બગડતા નથી. લણણી કર્યા પછી, તમે તેને 12 થી 13 દિવસ સુધી સ્ટોર કરી શકો છો. 4 થી 5 વર્ષ પછી, તેના એક ઝાડમાંથી 100 કિલો સુધીના ફળોનું ઉત્પાદન શરૂ થાય છે.

**લલિત** | લલિત જામફળની એક ઉત્તમ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેના ફળનું વજન 200 ગ્રામ સુધી હોઈ શકે છે. તેનો રંગ કેસરી છે. જો કે, ગુદાનો રંગ ગુલાબી છે. તમે તેના 6 વર્ષ જૂના ઝાડમાંથી 100 કિલો જામફળ તોડી શકો છો. જામફળની બાગાયતમાં રોકાયેલા ખેડૂતો માટે આ જાત વધુ સારી માનવામાં આવે છે.

# ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી



ઈલાયચીની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી, આ રીતે થાય છે તેની ખેતી ઈલાયચી ખાવાનું દરેકને પસંદ હોય છે. ઈલાયચીનો ઉપયોગ મોટાભાગે ચા બનાવવામાં થાય છે. આ સાથે ઈલાયચીનો ઉપયોગ ખીર, સેવ અને મીઠાઈઓમાં પણ થાય છે. આવી સ્થિતિમાં જો ખેડૂતો ઈલાયચીની ખેતી કરે તો તેઓ સારી કમાણી કરી શકે છે. જેમ કે, કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં ખેડૂતો ઈલાયચીની સૌથી વધુ ખેતી કરે છે. ઈલાયચી(Cardamom Farming)ની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખેડૂતોએ રેતાળ જમીન પર ભૂલથી પણ ઈલાયચીની ખેતી ન કરવી જોઈએ, નહીં તો નુકસાન થઈ શકે છે. આવી ઈલાયચીની ખેતી માટે 10 થી 35 ડિગ્રી તાપમાન વધુ સારું માનવામાં આવે છે. ઈલાયચીમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી મળી આવે છે. આવી સ્થિતિમાં ઈલાયચીનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ સિવાય એલચીમાં વિટામિન C, વિટામિન B6, વિટામિન B3, કેલ્શિયમ, ઝિંક, પ્રોટીન અને પોટેશિયમ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. જો હંમેશા ઈલાયચીનું સેવન કરવામાં આવે તો કફ અને શરદી જેવી બીમારીઓથી રાહત મળે છે.

## તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો

જો તમારે ઈલાયચીની ખેતી કરવી હોય તો સૌ પ્રથમ ખેતરમાં ઘણી વખત ખેડાણ કરો. આ પછી તમે વરસાદની ઋતુમાં ઈલાયચીના છોડ વાવી શકો છો. રોપ્યાના બે વર્ષ પછી તેના છોડમાં ઈલાયચી આવવા લાગે છે. તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો.

## એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થશે

ઈલાયચીની લણણી કર્યા પછી તેને તડકામાં સૂકવવામાં આવે છે. ઈલાયચીનો લીલો રંગ જાળવવા માટે, તેને ધોવાના સોડાના દ્રાવણમાં 10 થી 15 મિનિટ સુધી પલાળી રાખવામાં આવે છે. આ પછી તેને સૂકવવામાં આવે છે. તેને 18 થી 20 કલાક તડકામાં સૂકવવામાં આવે છે. એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થઈ શકે છે. ઈલાયચી બજારમાં 1500 થી 2000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. આ રીતે તમે એક હેક્ટરમાં ઈલાયચીની ખેતી કરીને 3 લાખ રૂપિયા કમાઈ શકો છો.

# આ પાકની ખેતી તમને ધનવાન બનાવશે ! એક હેક્ટરમાં 20 લાખની આવક થશે

જામુન (જાંબુડા) ખાવાનું દરેકને પસંદ હોય છે. તે એન્ટીઑકિસડન્ટ ફળ છે. આનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેમાં આયર્ન, કેલ્શિયમ અને પોટેશિયમ અને વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. કહેવાય છે કે જાંબુ ખાવાથી હાડકાં મજબૂત થાય છે. આ જ કારણ છે કે કેરી અને જામફળ કરતાં જાંબુની કિંમત વધુ છે. જો ખેડૂત ભાઈઓ બેરીની ખેતી કરે તો તેઓ જામફળ કરતાં વધુ કમાણી કરી શકે છે. ખાસ વાત એ છે કે ઘણા રાજ્યોમાં રાજ્ય સરકારો ખેડૂતોને બેરીની ખેતી માટે સબસિડી પણ આપે છે. હાલમાં, બિહાર સરકાર બેરીની ખેતી શરૂ કરનારા ખેડૂતોને સબસિડી આપી રહી છે. બિહાર સરકાર રાજ્યમાં બેરી સહિત અનેક પાકોનો વિસ્તાર વધારવા માંગે છે. આ જ કારણ છે કે તે મુખ્યમંત્રી બાગાયત મિશન અને રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ ખેડૂતોને 50 ટકા સબસિડી આપી રહી છે.



## જામુનના ખેતરમાં સારી ડ્રેનેજ સિસ્ટમ હોવી જોઇએ

જામુન એક ઔષધીય ફળ છે અને તેમાંથી અનેક પ્રકારની દવાઓ પણ બનાવવામાં આવે છે. ખાસ વાત એ છે કે કેરી, લીચી અને જામફળની જેમ બેરીની પણ ખેતી કરવામાં આવે છે. આ માટે પ્રથમ ખેતર ખેડવામાં આવે છે. આ પછી, હળનો ઉપયોગ કરીને ખેતરને સમતળ કરવામાં આવે છે. જો તમે ઈચ્છો તો, તમે તેના ખેતરમાં ગાયના છાણનો ઉપયોગ ઓર્ગેનિક ખાતર તરીકે પણ કરી શકો છો. આ પછી, જામુનના છોડને સમાન અંતરે વાવેતર કરી શકાય છે.

## એક હેક્ટરમાં 250 થી વધુ જામુનના છોડ વાવી શકાય છે

જામુનના છોડ વાવવાથી 4 થી 5 વર્ષમાં ફળ આવવા લાગે છે. પરંતુ 8 વર્ષ પછી છોડ સંપૂર્ણપણે વૃક્ષોનું રૂપ લઈ લે છે. આ પછી બેરીનું ઉત્પાદન વધે છે. એટલે કે 8 વર્ષ પછી તમે જામુનના ઝાડમાંથી 80 થી 90 કિલો ફળો તોડી શકો છો. જો તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરવા માંગતા હો, તો તમે 250 થી વધુ છોડ રોપી શકો છો. આ રીતે 8 વર્ષ પછી તમે 250 જામુનના ઝાડમાંથી 20000 કિલો ફળ મેળવી શકો છો. અત્યારે બજારમાં જામુન રૂ.140 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે. આ રીતે તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરીને 20 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી શકો છો.

# દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો

સીતાફળને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો, 1 એકરમાં આટલા લાખની કમાણી થશે ભારતમાં સફરજન, નારંગી, જામફળ, કેરી અને કેળાની સાથે અનેક પ્રકારના ફળોની ખેતી કરવામાં આવે છે. કેટલાક ફળ મોસમી હોય છે તો કેટલાક આખા વર્ષ દરમિયાન બજારમાં સરળતાથી મળી રહે છે. તે જ સમયે, આ ફળોની ખેતી લગભગ સમગ્ર ભારતમાં થાય છે. પરંતુ આજે અમે એક એવા ફળ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેની ખેતી માત્ર પહાડી વિસ્તારોમાં જ થાય છે. ખાસ વાત એ છે કે તે ફળ બજારમાં થોડા દિવસો માટે જ જોવા મળે છે. આ પછી તમે તેને ફળોની દુકાન પર જોઈ શકશો નહીં.

ખરેખર, અમે વાત કરી રહ્યા છીએ સીતાફળની. સીતાફળને મીઠું ફળ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને અંગ્રેજીમાં કસ્ટર્ડ એપલ કહે છે. તેમાં વિટામિન A, વિટામિન B1, વિટામિન B2 અને વિટામિન B3 સહિત ઘણા પોષક તત્વો અને ખનીજો મળી આવે છે. તેનું સેવન કરવાથી પાચન સંબંધી સમસ્યા દૂર થાય છે. હૃદયને પણ સ્વસ્થ રાખે છે. સાથે જ ડોક્ટર્સનું કહેવું છે કે કસ્ટર્ડ એપલ ખાવાથી આંખોની રોશની સુધરે છે. ઉપરાંત, કસ્ટર્ડ સફરજન વાળ અને માથાની ચામડી માટે ફાયદાકારક છે.



## વર્ષ પછી કસ્ટર્ડ એપલના ઝાડ પર ફળ આવવા લાગે છે

શરીફાને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે કસ્ટર્ડ એપલ દેશી ફળ નથી. બિહારમાં છઠ પૂજાના સમયે બજારમાં તેની માંગ વધી જાય છે. જો તમે સીતાફળની ખેતી કરવા માંગતા હો, તો તમે તેને વાવી શકો છો. વાવણીના 40 દિવસ પછી બીજ અંકુરિત થાય છે. ત્યારબાદ 5 વર્ષ બાદ સીતાફળના ઝાડ પર ફળ આવવા લાગે છે. જો તમે ઈચ્છો તો નર્સરીમાંથી છોડ ખરીદીને બાગકામ શરૂ કરી શકો છો. એક ઝાડમાંથી ઘણા કિલો કસ્ટર્ડ સફરજન તોડી શકાય છે.

## 2 લાખ સુધીની કમાણી કરી શકે છે

શરીફામાં દુષ્કાળ સહન કરવાની શક્તિ વધુ છે. આ કિસ્સામાં, તેને ટપક પદ્ધતિથી સિંચાઈ કરવી જોઈએ. તેના બગીચામાંથી ફળોની સારી ઉપજ મેળવવા માટે સમયાંતરે ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે ઈચ્છો તો, તમે 3-10-10 ના પ્રમાણમાં N-P-K ખાતરનો ઉપયોગ કરી શકો છો. જો તમે એક એકરમાં કસ્ટર્ડ સફરજનની ખેતી કરો છો, તો તમે 2 લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકો છો.



# અનાજ ભંડાર સંગ્રહની ક્ષમતા વધારવામાં આવશે, ભારત બનશે વિશ્વની સૌથી મોટી અનાજ બેંક

## આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે

## દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે

ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશ માટે અનાજના ભંડાર ક્રાઈસિસ ફૂડ મેનેજમેન્ટ માટે ખૂબ મહત્વના છે. કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ ભંડારણ યોજનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને કિસાન કલ્યાણ વિભાગ, ઉપભોગતા બાબતો, સાર્નજનિક વિતરણ અને ખાધ્ય સંસ્કરણની ઉધોગ મંત્રાલયની કરોડો રુપિયાની યોજનાઓને પણ મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં ખાધ્યાન્ન અનાજ ભંડારણ ક્ષમતા ૭૦૦ લાખ ટન



વધારવા માટે ૧ લાખ કરોડ રુપિયાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ ભંડારણ ક્ષમતા વિશ્વમાં સૌથી વધારે હશે. આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે.

આ અંર્તગત દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે. એક માહિતી મુજબ ભારત વિશ્વમાં સૌથી મોટો અનાજ ઉત્પાદક દેશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચીન, અમેરિકા, બ્રાઝીલ, રશિયા અને આર્જેન્ટિના પાસે પોતાના વાર્ષિક અનાજ ઉત્પાદન કરતા પણ વધારે અનાજનો સંગ્રહ કરવાની ક્ષમતા છે. જયારે ભારતની વર્તમાન અનાજ ભંડારણ ક્ષમતા ૪૭ ટકા જ છે આથી અનાજનો ખૂબ બગાડ થાય છે અને ખેડૂતોએ સસ્તા ભાવે વેચી દેવી પડે છે. ભારતમાં વાર્ષિક ૩૧૦૦ લાખ ટન ખાધ અનાજ ઉત્પાદન થાય છે. આવા સંજોગોમાં અનાજ ભંડારણ ક્ષમતા વધારવાની તાતી જરુરીયાત હતી. અનાજ ભંડારણની ક્ષમતા વધારવાથી જ ખાધ સુરક્ષાની દિશામાં મજબૂત કદમ માંડી શકાય છે.

## સફેદ વાળમાં જોવા મળશે 'ખિલાડી'

# 'સરફિરા' બાદ હવે અક્ષય કુમારની વધુ એક ફિલ્મનો લુક આવ્યો સામે



અક્ષય કુમાર આ વર્ષની શરૂઆતથી જ બે ફિલ્મો દર્શકો માટે લાવ્યા છે. આ વર્ષે રીલિઝ થયેલી તેની બંને ફિલ્મો ફ્લોપ સાબિત થઈ ગઈ હતી. 'બડે મિયાં છોટે મિયાં'ની નિષ્ફળતા બાદ રિલીઝ થયેલી 'સરફિરા'ને પણ બોક્સ ઓફિસ પર ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે.દમદાર સ્ટોરી હોવા છતાં લોકો આ ફિલ્મ જોવા નથી આવી રહ્યા. સતત ૯ ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ હવે અક્ષય કુમાર વધુ એક નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મમાં તેની સાથે અન્ય ઘણા કલાકારો પણ જોવા મળશે. તાજેતરમાં જ ફિલ્મ 'ખેલ ખેલ મેં'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જે એક રોમાંચક, રોલરકોસ્ટર રાઈડ તરફ નિર્દેશ કરે છે. આમાં, તમને રમૂજ, રસપ્રદ વાર્તાલાપ અને ઘણું બધું જોવા મળશે.અક્ષય કુમારે આ ફિલ્મના મોશન પોસ્ટરની ઝલક આપતી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી છે. તેના કેપ્શનમાં, અભિનેતાએ લખ્યું, 'યારો વાલા ખેલપયારી વાલા પિક્ચર !' બેન્ડ બાજાના માહોલમાંપ બેન્ડ બજાને વાલી પિક્ચર ! વર્ષના સૌથી મોટા કૌટુંબિક મનોરંજન કરનારને કહો 'હેલો' કહો ! ખેલ ખેલ મેં ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અક્ષય સિવાય ફિલ્મની બાકીની કાસ્ટ આ મોશન પોસ્ટમાં જોવા મળે છે. અક્ષય કુમારનો લુક પણ સામે આવ્યો છે, જેમાં તેણે આ ફિલ્મ માટે ગ્રે હેર લુક પહેર્યો છે. [

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

## કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યું કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# વિવેક અગ્નિહોત્રિની 'ધ દિલ્હી ફાઇલ્સ' ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે

## ૩ ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લૉંચ કરવામાં આવ્યું છે, જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય




ફિલ્મ મેકર વિવેક અગ્નિહોત્રિએ ગુરુવારે તેમની આવનારી ફિલ્મ 'ધ દિલ્હી ફાઈલ્સ'ની રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર આ અંગે જાહેરાત કરી હતી કે તેઓ આગમી વર્ષમાં સ્વતંત્રતા દિવસે તેમની ફિલ્મ રિલીઝ કરશે. વિવેક અગ્નિહોત્રિ 'ધ કાશ્મીર ફાઈલ્સ' અને 'ધ વેક્સિન વૉર' જેવી ફિલ્મો માટે જાણીતા છે. તેમણે આગામી ફિલ્મની તારીખ જાહેર કરતાં પોસ્ટમાં લખ્યું,"તમારા કૅલેન્ડરમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ની તારીખ નોંધી રાખો. વર્ષોના સંશોધન પછી, 'ધ દિલ્હી ફાઈલ્સ'ની સ્ટોરી એક ભાગમાં કહેવી શક્ય નથી. અમે આપની સમક્ષ બે ભાગમાંથી પહેલો 'ધ બેંગાલ ચેપ્ટર' રજૂ કરવા ખુબ ઉત્સુક છીએ, જે આપણા ઈતિહાસનું એક મહત્વનું પ્રકરણ આપની સમક્ષ ખુલ્લું મુકાશે અમને આશીર્વાદ આપજો અને તારીખ નક્કી કરી રાખજો." તેમણે પોતાના ફૅન્સને એવું પણ કહ્યું કે આ ફિલ્મ પહેલાં એક જ ભાગમાં રજૂ થવાની હતી, તે હવે બે ભાગમાં રજૂ થશે. જેમાં પહેલા ભાગને 'ધ બેંગાલ ચેપ્ટર' નામ આપવામાં આવ્યું છે. ૩ ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લૉંચ કરવામાં આવ્યું છે. જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય છે. વિવેક અગ્નિહોત્રિનાં પત્ની પલ્લાવી જોષી આ ફિલ્મમાં કૉપ્રોડ્યુસર ઉપરાંત એક્ટર તરીકે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. એ ઉપરાંત મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર, પુનિત ઈસ્સાર, ગોવિંદ નામદેવ, બબ્બુ માણ અને પાલોમી ઘોષ જેવા કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે.

# પ્રાઈવેટ વિડિયો લીક થયા બાદ એક્ટ્રેસ ટ્રોલ થઈ



એક્ટ્રેસ ઓવિયા તમિલ અને મલયાલમ સિનેમાની જાણીતી એક્ટ્રેસ છે. તેનું અસલી નામ હેલન નેલ્સન છે, જોકે તેણે પોતાના કરિયરની શરૂઆત પૃથ્વીરાજ સુકુમારનની મલયાલમ ફિલ્મ 'કાંગારૂ'થી કરી હતી. જ્યારે તેણે ૧૦ વર્ષ પછી 'બિગ બોસ તમિલ ૧'નો જવાનો મોકો મળ્યો, ત્યારે તેની ફેમ ડબલ થઈ ગઈ હતી. ત્યારે આ શોને કમલ હાસને હોસ્ટ કર્યો હતો. હવે એક્ટ્રેસ તેના એક પ્રાઈવેટ વીડિયોના કારણે ચર્ચામાં છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલી ક્લિપમાં એક્ટ્રેસ વાંધાજનક સ્થિતિમાં જોવા મળે છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો છે કે આ ડીપફેક વીડિયો છે. જ્યારે ઓવિયા અથવા તેની ટીમ આ વિવાદાસ્પદ મામલામાં સીધી ટિપ્પણી કરવાનું ટાળી રહી છે.

# અભિનેત્રી મલ્લિકા શેરાવતે સલમાન ખાન સાથે કર્યું ફ્લર્ટ


## 'મારી આંખોમાં જુઓ... '

સુપરસ્ટાર સલમાન ખાનનો રિયાલિટી શો 'બિગ બોસ ૧૮' થોડા દિવસ પહેલા જ શરૂ થયો છે. આ ફેમસ ટીવી શોને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 'બિગ બોસ ૧૮'નો વીકેન્ડ વોર એપિસોડ આજે આવવાનો છે. આ એપિસોડમાં મલ્લિકા શેરાવત પણ જોવા મળશે. નિર્માતાઓએ એક પ્રોમો શેર કર્યો છે, જેમાં મલ્લિકા શેરાવત સલમાન ખાન સાથે ફ્લર્ટ કરતી જોવા મળે છે. વીડિયોને ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.'બિગ બોસ ૧૮'નો પ્રોમો કલર્સ ટીવીના ઓફિશિયલ ઈન્સ્ટા હેન્ડલ પર શેર કરવામાં આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે મલ્લિકા શેરાવત શોમાં એન્ટ્રી કરે છે અને સલમાન ખાન તેને જોઈને ખુશ થઈ જાય છે. આ દરમિયાન મલ્લિકા ઓરેન્જ કલરના લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી છે. જ્યારે સલમાન ખાન બ્લુ જેકેટ, બ્લેક શર્ટ અને જીન્સમાં હેન્ડસમ લાગી રહ્યો છે.મલ્લિકા શેરાવતે સલમાન ખાનને કહ્યું, 'તમે અને હુંપ મારી આંખોમાં જુઓ, સલમાન, તમને આગ લાગી જશે'. મલ્લિકા શેરાવતે સલમાનને ભારતનો મોસ્ટ એલિજિબલ બેચલર ગણાવ્યો હતો. તે કહે છે, 'તું મારી આંખોમાં છે, મારા દિલમાં.' આ પછી પ્રોમોમાં મલ્લિકા અને સલમાનના ડાન્સની ઝલક પણ જોવા મળે છે. વીડિયોના અંતમાં મલ્લિકા શેરાવત સલમાન ખાનના ગાલ પર કિસ કરતી જોવા મળે છે.મલ્લિકા શેરાવત રિયાલિટી શો 'બિગ બોસ ૧૮'માં તેની ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'નું પ્રમોશન કરતી જોવા મળશે. આમાં તેણે ચંદાનું પાત્ર ભજવ્યું છે. દરમિયાન, ફિલ્મમાં રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. બે વર્ષ બાદ મલ્લિકા શેરાવતે ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'થી કમબેક કર્યું છે.



# ચંકી પાંડેની દિકરી અને અનન્યા પાંડેએ પોતાના બાળપણના કિસ્સાઓ રજૂ કર્યા

ચંકી પાંડેની દિકરી અને એક્ટ્રેસ અનન્યા પાંડેએ તાજેતરમાં પોતાનો એક ભૂતકાળનો કિસ્સો યાદ કરતાં કહ્યું છે કે, તે અને શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન બાળપણમાં ખૂબ ઝઘડતા હતા. અને તેમાં આર્યન ખાને ઘણીવખત તેને વિવિધ પ્રકારની ધમકીઓ પણ આપી હતી, જેમાંની એક ધમકી તેનો વીડિયો લીક કરવાની પણ હતી.યુટ્યુબર અને એક્ટર તનમય ભટ્ટ સાથે પોતાના બાળપણના કિસ્સાઓ રજૂ કરતાં અનન્યાએ જણાવ્યું હતુ કે, બાળપણથી હું, આર્યન ખાન અને સુહાના ખાન ખૂબ સારા મિત્રો છીએ. અમે બાળપણમાં ખૂબ લડતાં-મસ્તી કરતાં હતા. મને અને સુહાનાને વીડિયો રેકોર્ડ કરવાનો શોખ હતો. હું દિવસભર શું કરૂ છુ, શું જમુ છું, તેના વીડિયો રેકોર્ડ કરતી હતી. પરંતુ ક્યારેય પોસ્ટ નહોતી કરતા. હું, સુહાના ખાન અને શનાયા કપૂર અવારનવાર અમારા રૂટિનના વીડિયો રેકોર્ડ કરતાં હતાં. તો આર્યન અમને ધમકી આપતો હતો કે, જો અમે તેનું કામ નહીં કરીએ તો તે અમારા વીડિયો લીક કરી દેશે. અનન્યાએ અન્ય એક કિસ્સો જણાવ્યો હતો કે, બાળપણમાં અમે ખૂબ મસ્તી કરતાં હતાં. આ મારી રેન્ડમ ટ્રોમા સ્ટોરી છે. એક વખત ભૂલથી મારાથી સુહાનાનો ફોન નંબર લીક થઈ ગયો હતો.



# અભિનેતાએ કેવી રીતે પોતાને પીટવાથી બચાવ્યો?

વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. બોલિવૂડ એક્ટર વિકી કૌશલ આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. અભિનેતાએ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ વિકીએ તેની કારકિદીની શરૂઆત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરી હતી. અનુરાગ કશ્યપની ગેંગ્સ ઓફ વાસેપુરના શૂટિંગ દરમિયાન તેને માર મારવામાં આવ્યો હતો. વિકીએ પોતે આ સ્ટોરી શેર કરી છે. વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. વિકીએ તન્મય ભટ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું- ફિલ્મમાં બતાવવામાં આવેલ કોલસાની દાણચોરી સાચી હતી. અમે તેને ગોળી મારી. અમે ગેરકાયદે રેતી ખનનનું સ્થળ કબજે કરવા ગયા હતા ત્યારે એક ઘટના બની હતી. મને આશ્ચર્ય થયું કારણ કે પછી મને પહેલીવાર સમજાયું કે તે એટલું ખુલ્લેઆમ થાય છે કે તમે વિચાર પણ નહીં કરો કે તે વાસ્તવમાં હેરફેર છે. તમે વિચારશો કે આ એક સારી રીતે ચાલતો ધંધો છે કારણ કે ત્યાં માત્ર બે ટ્રક પાર્ક ન હતી, ત્યાં ૫૦૦ ટ્રક પાર્ક હતી. વિકીએ વધુમાં જણાવ્યું કે જ્યારે તે ફિલ્મ કરી રહ્યો હતો ત્યારે ૫૦૦ લોકોએ તેને ઘેરી લીધો હતો.



# શ્રદ્ધા કપૂરે ફાઈનલી પોતાનું રિલેશનશિપ કર્યું કન્ફર્મ!

## એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર માટે વર્ષ ૨૦૨૪ ઘણું લકી રહ્યું છે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની પોપ્યુલર એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર માટે વર્ષ ૨૦૨૪ ઘણું લકી રહ્યું છે. વાસ્તવમાં, આ વર્ષે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ 'સ્ત્રી ૨' એ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડ્યા અને ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. ફિલ્મની સક્સેસનો આનંદ માણતી વખતે શ્રદ્ધા કપૂરે પોતાના રિલેશનશિપને કન્ફર્મ કર્યું છે.શ્રદ્ધા કપૂરે હમણાંના એક લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેને પોતાના પાર્ટનર સાથે સમય પસાર કરવો ગમે છે. આ સાથે જ શ્રદ્ધા કપૂરે લગ્ન વિશે પણ ખુલીને વાત કરી છે. ચાલો જાણીએ અભિનેત્રીએ શું કહ્યું.કોસ્મોપોલિટન સાથે વાત કરતી વખતે, શ્રદ્ધા કપૂરે કહ્યું કે તેણે તેના રિલેશનને કન્ફર્મ કર્યું છે. જોકે તેણે કોઈનું નામ લીધું નથી. શ્રદ્ધા કપૂરે કહ્યું, 'મને મારા પાર્ટનર સાથે સમય વિતાવવો અને મૂવી જોવાનું, ડિનર માટે બહાર જવું કે ટ્રાવેલ કરવું ગમે છે.' એક્ટ્રેસે આગળ જણાવ્યું કે, 'હું સામાન્ય રીતે એક એવી વ્યક્તિ છું કે જેને સાથે મળીને કંઈક કરવાનું પસંદ હોય છે અથવા સાથે કંઈ કરવાનું પસંદ નથી કરતી.'શ્રદ્ધા કપૂરને પૂછવામાં આવ્યું કે શું તે લગ્નમાં માને છે? આના પર તેણે કહ્યું, 'તે લગ્નમાં વિશ્વાસ કરવા વિશે નથી કહી શકતી પણ યોગ્ય વ્યક્તિ હોવા અને યોગ્ય પાર્ટનર સાથે રહેવા વિશે છે. જો કોઈ લગ્ન કરવા માંગે છે, તો તે સારું છે, પરંતુ જો તેઓ લગ્ન કરવા માંગતા નથી, તો તે પણ એટલું જ યોગ્ય છે.'જણાવી દઈએ કે, અગાઉ શ્રદ્ધાનું નામ તેના રુમર્ડ બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે નામ જોડાયું હતું. રાહુલ મોદીના સાથેના તેના સંબંધની સત્તાવાર જાહેરાત પણ કરી હતી. એક સેલ્ફી શેર કરતી વખતે તેણે સ્માઈલી અને રમુજી ઈમોજીસ સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, 'દિલ રખલે નિંદ તો વાપસ દે દે યાર'. તેણે આ પોસ્ટ માટે ફિલ્મ 'ઈશ્ક'નું ગીત 'નીંદ ચુરાઈ મેરી' પસંદ કર્યું હતું.





ઈઝરાયેલ માસૂમને બનાવ્યા નિશાન

# ગાઝામાં શાળા પર હવાઈ હુમલો, બાળકો સહિત ૨૦ના મોત

। નવી દિલ્હી, તા.૧૪ ।

ઈઝરાયેલ હાલમાં હમાસ અને હિજબુલ્લાહ સાથે બે મોરચે યુદ્ધ લડી રહ્યું છે ત્યારે ફરી એકવાર ઈઝરાયલે ગાઝામાં હવાઈ હુમલો કર્યો હતો. સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર, મધ્ય ગાઝામાં બેઘર લોકોનું આશ્રયસ્થાન બની ગયેલી એક શાળામાં ઈઝરાયલે આ વખતે હવાઈ હુમલા કરતાં હાહાકાર મચી ગયો હતો. આ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા.નુસેરાતમાં રવિવારે રાત્રે કરાયેલા હુમલામાં મૃતકોમાં બે મહિલાઓ પણ સામેલ હતી. આ શાળા ગાઝામાં વર્ષો સુધી ચાલેલા યુદ્ધથી વિસ્થાપિત થયેલા ઘણા પેલેસ્ટિનિયનોનું ઘર હતી. મૃતદેહોને નુસેરાતની અલ-અવદા હોસ્પિટલ અને દેર અલ-બાલાહની અલ-અકસા શહીદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના બોમ્બમારા અને ગાઝા પર ગ્રાઉન્ડ ઓપરેશનમાં અત્યાર સુધી ગાઝામાં ૪૨,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. ઈઝરાયલ જ્યારે પણ હુમલા કરે છે ત્યારે હમાસના લડાકૂઓ અને નાગરિકો વચ્ચે કોઈ અલગતા રાખતું નથી અને બેફામ હુમલા કરીને ચારેકોર વિનાશ વેરી રહ્યું છે.` બે મોરચે યુદ્ધ લડી રહ્યું છે ત્યારે ફરી એકવાર ઈઝરાયલે ગાઝામાં હવાઈ હુમલો કર્યો હતો.

### હિઝબુલ્લા દ્વારા ઇઝરાયેલના બિન્યામિના સૈન્ય મથકને નિશાન બનાવવામાં આવ્યું

# હિઝબુલ્લાહનો ઇઝરાયેલ પર ઘાતક ડ્રોન હુમલો, ચાર જવાનોની મોત, ૭૦ ઘાયલ

**સાત જવાનોની હાલત ગંભીર । હેલિકોપ્ટરની મદદથી તમામને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા । ઈઝરાયેલની સેનાએ સૈનિકોના પરિવારજનોને આ ઘટનાની જાણકારી આપી**

। ગાઝા, તા.૧૪ ।

હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર સૌથી ઘાતક ડ્રોન હુમલો કર્યો હતો. હિઝબુલ્લા દ્વારા ઈઝરાયેલના બિન્યામિના સૈન્ય મથકને નિશાન બનાવવામાં આવ્યું છે. ઈઝરાયેલની સેનાના જણાવ્યા અનુસાર આ હુમલામાં તેના ચાર સૈનિકોએ જીવ ગુમાવ્યો છે. લગભગ ૭૦ જવાનો ઘાયલ થયા છે. સાત જવાનોની હાલત ગંભીર છે. હેલિકોપ્ટરની મદદથી તમામને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. ઈઝરાયેલની સેનાએ સૈનિકોના પરિવારજનોને આ ઘટનાની જાણકારી આપી છે.ઈઝરાયેલના અહેવાલ મુજબ, હિઝબુલ્લાહે તેના બે આત્મઘાતી ડ્રોન વડે હુમલો કર્યો હતો. આ ડ્રોન દરિયાઈ માર્ગે ઈઝરાયેલમાં પ્રવેશ્યા હતા.

આ હિઝબુલ્લાહના સૌથી અગ્રણી આત્મઘાતી મીરસાદ ડ્રોન હતા. તેઓ ઈરાનમાં અબાબિલ-ટી તરીકે પણ ઓળખાય છે.લેબનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર જોરદાર હુમલો કર્યો છે. ઈરાન સમર્થિત હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર આત્મઘાતી ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા છે, જેમાં ચાર ઈઝરાયેલ આર્મી આઈડીએફ સૈનિકો માર્યા ગયા છે અને ઘણા ગંભીર રીતે ઘાયલ થયા છે.હિઝબુલ્લાએ બિન્યામિનામાં લશ્કરી મથક પર હુમલો કર્યો. ઈઝરાયેલ પર હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલ આ હુમલો અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો માનવામાં આવી રહ્યો છે.



ઈઝરાયેલમાં થયેલા આ હુમલામાં અત્યાર સુધીમાં ૬૭ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણાની હાલત અત્યંત ગંભીર હોવાનું કહેવાય છે.હિઝબુલ્લાએ ઈઝરાયલના હાઈફા શહેરને નિશાન બનાવીને લગભગ ૨૫ રોકેટ અને મિસાઈલો છોડ્યા હતા. ઈઝરાયેલની ચેનલ ૧૨ અનુસાર, હુમલા ૫ હેલા કોઈ ચેતવણી સાયરન આપવામાં આવી ન હતી. ઉત્તર ઈઝરાયેલમાં રવિવારે રાત્રે વિસ્ફોટોના અવાજો સંભળાતા રહ્યા.

૭ ઓક્ટોબર, ૨૦૨૩ થી, હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. હિઝબુલ્લાનું કહેવું છે કે તેઓએ બિન્યામિનામાં ઈઝરાયલી સેનાના ગોલાની બ્રિગેડ કેમ્પ પર હુમલો કર્યો છે. ઉત્તર ઈઝરાયેલમાં રાતોરાત વિસ્ફોટ અને સાયરન સંભળાયા. હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર સૌથી ઘાતક ડ્રોન હુમલો કર્યો હતો.

## આગ્રામાં ત્રણ દિવસ સુધી બંધક બનાવીને ડ્રગ્સ આપી બાર ડાન્સર પર બળાત્કાર

। આગ્રા, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના આગ્રામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ગાઝિયાબાદની એક ક્લબ ડાન્સરને આગરાના તાજગંજ વિસ્તારના એક ફ્લેટમાં ત્રણ દિવસ સુધી બંધક બનાવીને બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન ડાન્સરે તક ઝડપી લીધી અને આરોપીઓની ચુંગાલમાંથી ભાગી ગઈ. પોલીસે આ કેસમાં પ તિ-પત્નીની ધરપકડ કરી છે. પીડિતાએ પત્ની પર તેના પતિને બળાત્કાર કરવા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો છે. હાલ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.લોની, ગાઝિયાબાદની રહેવાસી પીડિતાએ જણાવ્યું કે વિનય ગુપ્તાએ તેના આમંત્રણ મેનેજર દ્વારા તેનો સંપર્ક કર્યો હતો.તેને આગ્રામાં એક ડાન્સ શોમાં પરફોર્મ કરવાની ઓફર કરવામાં આવી હતી. આ પછી તે ૮ ઓક્ટોબરે આગરાના રાજકમલ એપાર્ટમેન્ટમાં વિનયના ઘરે પહોંચી હતી. તે સમયે તેની પત્ની પણ ત્યાં હાજર હતી.પીડિતાએ પોલીસને જણાવ્યું કે આરોપીની પત્નીએ તેના ડ્રિંકમાં નશીલા પદાર્થ ભેળવીને તેને પીવડાવી હતી.

## કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની સુરક્ષા વધી, હવે તેમને ઝેડ કેટેગરીનું કવર મળશે

। નવીદિલ્હી, તા.૧૪ ।

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ જૂથ)ના વડાને ઝેડ શ્રેણીની સુરક્ષા આપી છે. અગાઉ તેમની સુરક્ષા માટે એસએસબી કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા હતા. દેશના અનેક નેતાઓને સુરક્ષા આપવામાં આવી છે. ભારતમાં કોઈપણ વ્યક્તિને સુરક્ષા આપવાનો નિર્ણય ગૃહ મંત્રાલય લે છે.આ ઝેડ શ્રેણીની સુરક્ષા હેઠળ, ચિરાગ પાસવાલ પાસે સુરક્ષા માટે ૩૩ કર્મચારીઓ તૈનાત રહેશે, જેમાં તેમના નિવાસસ્થાન પર ૧૦ સશસ્ત્ર ગાર્ડ, ૨૪/૭ ડ્યુટી પર ૬ વ્યક્તિગત સુરક્ષા અધિકારીઓ (પીએસઓ) અને ત્રણ શિફ્ટમાં સશસ્ત્ર એસ્કોર્ટ માટે ૧૨ કમાન્ડો હશે સમાવેશ થાય છે. આ સાથે, ૨ કમાન્ડો પાળીમાં સર્વેલન્સ ડ્યુટી પર રહેશે, જ્યારે ૩ ડ્રાઈવરો ચોવીસ કલાક તેમની સુરક્ષા હેઠળ રહેશે.કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયના મંત્રી ચિરાગ પાસવાન બિહારના જમુઈથી સાંસદ છે. ચિરાગ પાસવાન હાલમાં ૪૫મી વર્લ્ડ વાઈન કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ફ્રાન્સના ડીજોનમાં છે. ચિરાગ પાસવાને તેમના પિતાના પગલે ચાલતા રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.

### છ વર્ષથી લાદવામાં આવેલ રાષ્ટ્રપતિ શાસન હવે હટાવી લેવામાં આવ્યું

# જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે સરકાર રચવાની તૈયારીઓ

**જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના ગઠબંધનનો વિજય થયો । ૪૯ બેઠકો જીતી છે જ્યારે ભાજપને ૨૯ બેઠકો મળી**

। જમ્મુ કાશ્મીર, તા.૧૪ ।

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે સરકાર રચવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સાથે ઘાટીમાં છ વર્ષથી લાદવામાં આવેલ રાષ્ટ્રપતિ શાસન હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના ગઠબંધનનો વિજય થયો છે. તેણે ૪૯ બેઠકો જીતી છે જ્યારે ભાજપને ૨૯ બેઠકો મળી છે.જમ્મુ-કાશ્મીરમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી ૧૦ વર્ષ પહેલા ૨૦૧૪માં યોજાઈ હતી. ચૂંટણી બાદ ભાજપ અને પ ીડીપીએ ગઠબંધન કરીને સરકાર બનાવી હતી. પરંતુ ૨૦૧૮માં ભાજપે સમર્થન પાછું ખેંચી લીધા પછી સરકાર પડી ગઈ અને મહેબૂબા મુફ્તીએ સીએમ પદ પરથી રાજીનામું આપ્યું.



ત્યારથી જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું, જે હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ અને ૩૫છને રદ કરવા અને ક્ષેત્રમાં બે કેન્દ્ર શાસિત પ્રદેશો - જમ્મુ કાશ્મીર અને લદાખમાં વિભાજિત કરાયા બાદ લગાવાવમાં આવ્યું હતું. ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવેલી નેશનલ કોન્ફરન્સને અપક્ષ ધારાસભ્યોનું પણ સમર્થન મળવા લાગ્યું છે. હવે જમ્મુની છમ્બ વિધાનસભાથી ચૂંટણી જીતેલા અપક્ષ નેતા સતીશ શર્મા નેશનલ કોન્ફરન્સમાં જોડાયા છે. રવિવારે ડોડામાં એક રેલીને સંબોધતા આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આમ આદમી પાર્ટી એનસીને સરકાર બનાવવામાં સંપૂર્ણ મદદ કરશે.

**ઈરાનનું મોટું નિવેદન**

## ઈરાન પોતાની સુરક્ષા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે : વિદેશ મંત્રી

**ઈરાન તેના કટ્ટર દુશ્મન ઈઝરાયેલના કોઈપણ વળતા હુમલા માટે સંપૂર્ણપણે તૈયાર છે : અબ્બાસ અરાઘચી**

। ,દુબઈ,તા.૧૪ ।

ઈઝરાયેલ દ્વારા તહેરાન સામે જવાબી કાર્યવાહી કરવાની તૈયારીઓ વચ્ચે ઈરાનનું મોટું નિવેદન આવ્યું છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ રવિવારે કહ્યું કે તેઓ પોતાની સુરક્ષા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. કારણ કે ઈરાનને બચાવવા માટે "કોઈ લાલ રેખા" નથી. ઈરાન તેના કટ્ટર દુશ્મન ઈઝરાયેલના કોઈપણ વળતા હુમલા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તમને જણાવી દઈએ કે ૧ ઓક્ટોબરના રોજ ઈરાને એક સાથે ૧૮૦ મિસાઈલોથી ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. ત્યારથી ઈઝરાયલે જવાબી કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી છે.આ ભય વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે અમે અમારા સ્વરક્ષણ માટે પ્રતિબદ્ધ છીએ. જો કોઈ એવું વિચારે છે કે ઈરાન કોઈપણ પ્રતિક્રિયા વિના ઈઝરાયેલના હુમલાને શોષી લેશે, તો તે ભૂલમાં છે. તેણે કહ્યું હતું કે તેહરાને આ વર્ષની શરૂઆતમાં કર્યું હતું, જ્યારે ઈઝરાયેલે ઈરાની મિસાઈલોથી માર્યા પછી તેહરાન પર છેલ્લો હુમલો કર્યો હતો. જે બાદ ઈરાને પણ જવાબ આપ્યો હતો.અબ્બાસે કહ્યું કે અમે તમને ફરી એકવાર જણાવી દઈએ કે આપણા દેશની રક્ષા માટે અમારી પાસે કોઈ લાલ રેખા નથી જેને આપણે પાર ન કરી શકીએ. તેમણે કહ્યું કે જો ઈઝરાયેલ કોઈપણ પ્રકારનો હુમલો કરશે તો જડબાતોડ જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું કે અમે અમારા ક્ષેત્રમાં સર્વત્ર યુદ્ધને રોકવા માટે તાજેતરના સમયમાં જબરદસ્ત પ્રયાસો કર્યા છે.

**ન્યૂઝ બ્રિફ**



## મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની તબિયત બગડતાં હોસ્પિટલમાં દાખલ

। મુંબઇ, તા.૧૪ ।

શિવસેના પ્રમુખ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની તબિયત બગડતાં તેમને મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે તેમની પત્ની રશ્મિ ઠાકરે પણ હાજર હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર ઉદ્ધવ ઠાકરે વધુ એક દિવસ હોસ્પિટલમાં રહી શકે છે. તેને મંગળવારે સાંજે અથવા તેના બીજા દિવસે રજા આપી શકાય છે. એન્જીયોપ્લાસ્ટી બાદ ઉદ્ધવ ઠાકરેની તબિયત સારી હોવાનું કહેવાય છે.ડોક્ટરોની ટીમનું કહેવું છે કે ચિંતા કરવાની કોઈ વાત નથી. ઉદ્ધવ ઠાકરે જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરશે. આવી સ્થિતિમાં તેમના સમર્થકોનું કહેવું છે કે સારવાર બાદ તેઓ મહારાષ્ટ્ર ચૂંટણીમાં પ્રચાર શરૂ કરશે.

## ચૂંટણી પહેલા ભેટઃ મુંબઈ સાથે સંબંધિત તમામ પાંચ બૂથ ટોલ ફ્રી

। મુંબઇ, તા.૧૪ ।

મહારાષ્ટ્રમાં નાના વાહન ચાલકો માટે સારા સમાચાર છે. વિધાનસભા ચૂંટણી પહેલા શિંદે કેબિનેટે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે મુંબઈમાં પ્રવેશતા તમામ પાંચ ટોલ બૂથ પર હળવા મોટર વાહનો માટેના ટોલ ચાર્જમાં સંપૂર્ણ માફીની જાહેરાત કરી છે. આ નિયમ આજે રાત્રે ૧૨ વાગ્યાથી લાગુ થશે. વિધાનસભા ચૂંટણીની આચારસંહિતા લાગુ થયા પહેલા મહાયુતિ સરકારનો આ માસ્ટરસ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે. હવે આજે રાત્રે ૧૨ વાગ્યા ૫ છી નાના વાહન ચાલકોને પાંચ ટોલ બૂથ પર કોઈ ટોલ ચૂકવવો પડશે નહીં. મુંબઈમાં પ્રવેશવા માટે આ પાંચ ટોલ બૂથ છે વાશી દહિસર મુલુંડ (એલબીએસ રોડ),મુલુંડ (ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે),ઐરોલીરાજ્ય કેબિનેટની બેઠકમાં આ અંગે મોટી જાહેરાત કરવામાં આવી છે. હાલમાં હળવા મોટર વાહનો પાસેથી ૪૫ રૂપિયાનો ટોલ લેવામાં આવે છે, આ રાહતની વાત છે.

## વનડે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત, દિલ્હી કેપિટલ્સના યુવા ખેલાડીને તક

। નવી દિલ્હી, તા.૧૪ ।

ઓસ્ટ્રેલિયન ટીમને ૪ નવેમ્બરથી પાકિસ્તાન સામે ત્રણ મેચની વનડે સિરીઝ રમવાની છે અને આ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત કરવામાં આવી છે. પેટ કમિન્સને કેપ્ટનશિપની જવાબદારી મળી છે. જ્યારે ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ પિતા બનવા જઈ રહ્યા છે. આ કારણોસર આ બંને ખેલાડીઓને ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓને તક મળી છે.આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમતા જેક ફ્રેઝર-મેકગર્કને વનડે શ્રેણીમાં તક મળી છે.

## બાબા સિદ્દીકીની હત્યામાં બેની ધરપકડ અને બે ફરાર

। મુંબઇ, તા.૧૪ ।

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. પરંતુ મુંબઈ પોલીસ હજુ આ દાવાની પુષ્ટિ કરી રહી નથી. પોલીસે ૧૫ ટીમો બનાવી છે અને આ કેસની તપાસ અનેક એંગલથી શરૂ કરી છે. બીજી તરફ શનિવારે હત્યા બાદ સ્થાનિક લોકો અને પોલીસ દ્વારા પકડાયેલા બે આરોપીઓમાંથી એક ગુરનૈલ સિંહને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.હત્યા કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં ચાર લોકોની સંડોવણી વિશે કોર્ટને જણાવ્યું છે. તેમાંથી બેની ધરપકડ કરવામાં આવી છે, અને બે ફરાર છે. ધરપકડ કરાયેલા આરોપ ીઓમાંના એક ગુરનૈલ સિંહને કોર્ટે સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. બીજા પકડાયેલા આરોપી ધરમરાજ કશ્યપની ઉંમર અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.ગુજરાતની જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ફરી એકવાર મહારાષ્ટ્રમાં રાજકારણી કમ ઉદ્યોગપતિ બાબા સિદ્દીકીની હત્યાના કારણે ચર્ચામાં છે. અહીં આ ઘટના બાદ પૂર્ણિયાના સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે ઈન્ટરનેટ મીડિયા પર એક પોસ્ટ કરીને ઘણી હેડલાઈન્સ બનાવી છે.

**યુદ્ધના ભણકારા ?** | **ડ્રોન ઉત્તર કોરિયાની ઉપરથી ઉડતા જોવા મળશે તો તેના પરિણામો ભયાનક હશે : કિમ યો જોંગ**

# સાઉથ કોરિયાને કિમ જોન્ગ ઉનની બહેનની ખુલ્લી ધમકી

। સાઉથ કોરિયા, તા.૧૪ ।

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે શનિવારે દક્ષિણ કોરિયાને મોટી ધમકી આપી છે. તેમણે કહ્યું કે જો દક્ષિણ કોરિયાના ડ્રોન ઉત્તર કોરિયાની ઉપરથી ઉડતા જોવા મળશે તો તેના પરિણામો ભયાનક હશે. ઉત્તર કોરિયાએ આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે દક્ષિણ કોરિયાના ડ્રોન રાજધાની પ્યોંગયાંગના આકાશમાં જોવા મળ્યા હતાં.કિમ જોંગ-ઉનની બહેન કિમ યો જોંગે રાજ્ય મીડિયા કેસીએનએ દ્વારા કહ્યું કે તાજેતરની ડ્રોન ઘૂસણખોરી એક ગંભીર ઘટના છે. કિમે દક્ષિણ



કોરિયાની સૈન્યની ટીકા કરતા કહ્યું કે તેઓ ડ્રોન ઘૂસણખોરીને ઓળખવામાં નિષ્ફળ રહ્યા છે. આ માટે દુશ્મન દેશની સેના જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું કે ઉત્તર કોરિયા વિરોધી પત્રિકાઓ (જે ડ્રોન દ્વારા મોકલવામાં આવી હતી) ઘટનાની ગંભીરતા દર્શાવે છે.દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે ઉત્તર કોરિયાના આરોપો પર તરત જ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે તેઓ આ આરોપોની પુષ્ટિ કરી શક્યા નથી. જો કે આ સમગ્ર મામલે ઉત્તર કોરિયાએ કહ્યું કે દક્ષિણ કોરિયાથી ડ્રોન અને બલૂન મોકલવામાં આવ્યા છે, જેમાં કિમ જોંગ-ઉનની ટીકા કરતી પત્રિકાઓ અને સહાય સામગ્રી મોકલવામાં આવી રહી છે. ઉત્તર કોરિયા આવી ગતિવિધિઓને પ ોતાની સરકાર વિરુદ્ધ માને છે અને તેનો જવાબ ગુબ્બારા દ્વારા કચરો મોકલીને આપી રહ્યું છે, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે. ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે તાજેતરના સમયમાં વધી રહેલા તણાવને કારણે બંને દેશો વચ્ચે સુરક્ષા અને રાજકીય સંકટની સ્થિતિ સર્જાઈ રહી છે.કિમ યો-જોંગ કિમ જોંગ-ઉનની એકમાત્ર બહેન છે. જોંગ-ઉનનો જન્મ વર્ષ ૧૯૮૭માં થયો હતો. તે કિમ કરતાં માત્ર ૪ વર્ષ નાની છે. તેણે તેના ભાઈ સાથે સ્વિટ્ઝર્લેન્ડના બર્નમાં અભ્યાસ કર્યો. જો કે, વર્ષ ૨૦૧૮ માં કિમ યો-જોંગ ત્યારે ચર્ચામાં આવી જ્યારે તે દક્ષિણ કોરિયાની મુલાકાત લેનારી કિમ રાજવંશની પ્રથમ સભ્ય બની.

### ગોળીબાર અને આગચંપીની ઘટના । યુવકનું મોત થયું

# દુર્ગા મૂર્તિ વિસર્જન શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો

## હોસ્પિટલ અને શોરૂમમાં આગચંપી અને તોડફોડ, ઘણી દુકાનો અને મકાનો સળગાવી; લોકો લાકડીઓ સાથે નીચે ઉતર્યા । ૧૨થી વધુ લોકો ઘાયલ

। લખનૌ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચના મહારાજગંજ વિસ્તારમાં રવિવારે દુર્ગા મૂર્તિ વિસર્જન શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો, ગોળીબાર અને આગચંપીની ઘટના બની હતી. બહરાઈચમાં હંગામામાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો. આરોપ છે કે રામ ગોપાલ મિશ્રાને માર માર્યા બાદ ગોળી મારી દેવામાં આવી હતી. આ સમગ્ર ઘટનામાં ૧૨થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. હંગામા બાદ વિસ્તારમાં તણાવ છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બીજી તરફ સીએમ યોગીની કડકાઈ બાદ બેદરકારી દાખવનાર હરડી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને મહસી ચોકીના ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટના હરડી પોલીસ સ્ટેશન વિસ્તારના રેહુઆ મન્સૂર ગામમાં બની હતી.બહરાઈચના મહસી તહસીલના મહારાજગંજ શહેરમાં ગીત ગાવાને લઈને થયેલા વિવાદ બાદ અન્ય સમુદાયના યુવાનોએ પથ્થરમારો શરૂ કર્યો હતો.







### આરોપી સહિત ઘણા લોકો વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવી

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન થયેલા હોબાળાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. સોમવારે સવારે બહરાઈચમાં ફરી એકવાર આગચંપી અને તોડફોડની ઘટના બની હતી. ઘણી દુકાનો અને મકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. એક બાઈક શોરૂમ અને હોસ્પિટલને આગ લગાડવામાં આવી છે. વાહનોને આગ ચાંપી દેવામાં આવી છે. દવાઓ બળી ગઈ છે. આ દરમિયાન મોડી રાત્રે મુખ્ય આરોપી સલમાન સહિત ઘણા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૦થી ૨૫ લોકોની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ છે. બીજી તરફ પૂજા સમિતિ મોડી રાત સુધી આરોપીઓની ધરપકડ કરવા પર મક્કમ રહી હતી.

### હજારોની ભીડ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ખળભળાટ મચાવી દીધો

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે મહિસી તહસીલની પ્રતિમાને વિસર્જન માટે લઈ જવામાં આવી રહી હતી.મહારાજગંજ શહેરમાં પહોંચતા જ શહેરના રહેવાસી સોનાર અબ્દુલ હમીદ તેના પુત્રો સબલુ, સરફરાઝ અને ફહીમ સાથે સ્થળ પર પહોંચ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા. જ્યારે પ્રતિમા સાથે ચાલતા લોકોએ વિરોધ કર્યો તો તેઓએ છત પરથી પથ્થરમારો શરૂ કર્યો. જ્યારે કમિટીના સભ્યોએ વિરોધ કરવાનું શરૂ કર્યું ત્યારે હમીદ અને તેની સાથે હાજર હજારોની ભીડ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ખળભળાટ મચાવી દીધો. આરોપ છે કે આ દરમિયાન હમીદ અને તેની સાથે હાજર હજારોની ભીડ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ખલેલ પહોંચાડવા લાગી.

### ગ્રામીણ વિસ્તારોમાં પણ હિંસા વધી

આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં પણ હિંસા વધી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચાંદપૈયા અને કબડિયાપુરવા ગામમાં પણ આગચંપી થઈ હતી. અનેક ઘરો બળી ગયા છે. વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી છે. ત્રીસ બદમાશોની અટકાયત કરવામાં આવી છે. સીએમ યોગીની સૂચના પર એસીએસ હોમ અને એડીજી લો એન્ડ ઓર્ડર ઘટનાસ્થળે પહોંચી ગયા છે. પીએસી બહરાઈચને છ કંપનીઓ મોકલવામાં આવી છે. યુવકના મોતનો ગુસ્સો શમતો નથી. પ્રદર્શન વધુ હિંસક બની રહ્યું છે. બાઈક શોરૂમમાં આગ લાગી છે. કાર પણ સળગાવી દેવામાં આવી છે. લોકો લાકડીઓ લઈને રસ્તા પર ઉતરી આવ્યા છે. બીજી તરફ પરિવારજનોએ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. જોકે પોલીસે મૃતકના પરિવારજનોને સમજાવ્યા છે.

### અભિનેત્રીને આર્યન ખાન તેના પ્રાઈવેટ વીડિયો લીક કરવાની ધમકી આપતો હતો



। મુંબઇ, તા.૧૪ ।

શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન અને અનન્યા પાંડે બાળપણના મિત્રો છે. આ બંને ઘણી વખત સાથે જોવા મળ્યા છે અને સાથે પાર્ટી પણ કરતા રહે છે. અનન્યાની સીટીઆરએલ સિરીઝ તાજેતરમાં રિલીઝ થઈ છે. આ સિરીઝના પ્રમોશન દરમિયાન અભિનેત્રીએ જણાવ્યું કે કિંગ ખાનનો લાડકો પુત્ર (આર્યન ખાન) તેને તેના પ્રાઈવેટ વીડિયો લીક કરવાની ધમકી આપતો હતો. અભિનેત્રીનું આ નિવેદન ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.અનન્યા પાંડેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો નેટફ્લિક્સ દ્વારા શેર કરવામાં આવ્યો છે. જેમાં તે ડિરેક્ટર વિક્રમાદિત્ય મોટવાની અને કોમેડિયન તન્મય ભટ્ટ સાથે વાત કરી રહી છે. આ વાતચીત દરમિયાન અભિનેત્રીએ કહ્યું- ‘હું પહેલા ઘણા બ્લોગ બનાવતી હતી. આમાં હું દિવસભર જે કંઈ કરું અને શું ખાઉં છું તે બધું રેકોર્ડ કરતી હતી.

### ટ્રેનમાં દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે

# રેલવે પાન-મસાલાના ડાઘને દૂર કરવા માટે ૧૨૦૦ કરોડથી વધારે ખર્ચો કરે છે

## જાહેર મિલકતો,જાહેર માર્ગ પર પાન-મસાલા ખાનારાઓને થુંકતા તમે જોયા હશે । લોકોનું કહેવું છે કે, આ બધો ખર્ચો પાન-મસાલાની જાહેરાત કરનાર સ્ટાર પાસેથી લેવો જોઈએ

। નવીદિલ્હી, તા.૧૪ ।

જો આપણે આપણા ઘરેથી જ વાત કરીએ તો ઘરની બહાર નીકળતા તમે રસ્તા પર કે પછી ચાની દુકાન હોય બસ સ્ટેશન હોય રેલવે સ્ટેશન હોય કહી શકાય કે, રેલવે ,જાહેર મિલકતો,જાહેર માર્ગ પર પાન-મસાલા ખાનારાઓને થુંકતા તમે જોયા હશે. પરંતુ શું તમે જાણો છો કે, માત્ર ખાલી રેલવે જે પાન-મસાલાના ડાઘને દૂર કરવા કેટલો ખર્ચ કરે છે.ટ્રેનમાં દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. રેલવે તો અપટેડ થઈ ચૂકી છે, પરંતુ જે લોકો પાન મસાલા ખાય થૂંકનારા પર કાબુ મેળવવામાં આવ્યો નથી. જેના કારણે રેલવે પાન-મસાલાના ડાઘને દૂર કરવા માટે ૧૨૦૦ કરોડથી વધારે ખર્ચો કરે છે.જેઓ મોઢામાં ગુટખા કે પાન લઈને ફરે છે અને જ્યાં મન થાય ત્યાં થૂંકતા



હોય છે. આ મુસાફરો મુસાફરી પૂરી કરીને જતા રહે છે. પરંતુ તેઓ જે ગુટખાના ડાઘ છે તે ટ્રેન કે પછી રેલ્વે સ્ટેશન પર રહી જાય છે. રેલવે જાહેરાત દ્વારા પણ રેલવે સ્ટેશન કે પછી ટ્રેનમાં ન થુંકવાની સલાહ આપતા હોય છે. એક પછી પાન -મસાલા ખાવા માટેની જાહેરાત આપવામાં આવતી હોય છે. જેમાં બોલિવુડ સ્ટારને લાખો રુપિયામાં આપતા હોય છે. એક બાજુ જ્યાં રેલવે પાન-મસાલા ન થૂંકવાની જાહેરાત આપે છે ત્યાં બીજી બાજું સેલિબ્રિટીઓ પાન મસાલાની જાહેરાત કરી લોકોને પાન મસાલા ખાવા માટે પ્રેરિત કરે છે. ત્યારે હવે આને લઈ લોકો પણ ગુસ્સે થયા છે. રેલવેને માત્ર પાન-મસાલાના ડાઘ દૂર કરવા માટે કરોડો રુપિયા ખર્ચે છે.ત્યારે લોકોનું કહેવું છે કે, આ બધો ખર્ચો પાન-મસાલાની જાહેરાત કરનાર સ્ટાર પાસેથી લેવો જોઈએ.

### ઈડીએ રાંચીમાં ૨૦થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા

# ઝારખંડઃ વિધાનસભા ચૂંટણી પહેલા ઈડીના રાંચી સહિત અનેક જિલ્લામાં દરોડા

## ધનબાદ ડીટીઓના સ્થળેથી મોટી રકમની રોકડ મળી આવી હતી, એફઆઇઆરના આધારે ઈડીએ આ કાર્યવાહી કરી

। રાંચી,તા.૧૪ ।

વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે ફરી એકવાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ રાજધાની સહિત ઝારખંડમાં ઘણી જગ્યાએ દરોડા પાડયા છે. રાંચીના રતુ રોડ સ્થિત ઈન્દ્રપુરીમાં વિજય અગ્રવાલ નામના બિઝનેસમેનના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. મની લોન્ડરિંગને લઈને ઈડીના દરોડા વહેલી સવારથી શરૂ થઈ ગયા હતાં અને મોરહાબાડી વિસ્તારમાં હરિહર સિંહ રોડ પર સ્થિત એક મકાનમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતાં.એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ઘર એક વરિષ્ઠ અધિકારીના નજીકના સંબંધીનું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દરોડા જલ જીવન મિશનમાં થયેલા કૌભાંડ સાથે સંબંધિત છે. રાજ્યના વરિષ્ઠ આઈએએસ ઓફિસર મનીષ રંજનના નજીકના લોકો પર પણ દરોડા પાડવામાં આવ્યા હોવાના અહેવાલ છે.ઈડીએ આજે સવારે રાંચીમાં ૨૦થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ સમય દરમિયાન, ઈડી આઈએએસ અધિકારી મનીષ રંજન, વિનય ઠાકુર, ઝારખંડ સરકારના મંત્રી મિથિલેશ ઠાકુરના ભાઈ અને ઘણા વિભાગીય એન્જિનિયરોના સ્થાનો પર દરોડા પાડી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ ૫-૬ દિવસ પહેલા ઝારખંડના અલગ-અલગ જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા. ઈડીએ ડીટીઓના રાંચી અને ધનબાદના આવાસ પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હતી. ધનબાદ ડીટીઓના સ્થળેથી મોટી રકમની રોકડ મળી આવી હતી. એફઆઈઆરના આધારે ઈડીએ આ કાર્યવાહી કરી છે.

### નાના પાટેકર અને અનિલ કપૂર મારા ધ્યાન માટે લડતા હતા : મલ્લિકા શેરાવત



। મુંબઇ, તા.૧૪ ।

બોલિવૂડ અભિનેત્રી મલ્લિકા શેરાવતે ૨૦૦૦ના દાયકામાં ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે. આજે પણ મલ્લિકાના ઘણા પાત્રો સોશિયલ મીડિયા પર વાયરલ રહે છે. મલ્લિકા શેરાવતે તાજેતરમાં રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી અભિનીત ફિલ્મ ‘વિકી વિદ્યા કા વો વાલા વિડિયો’ સાથે પુનરાગમન કર્યું છે. લાંબા અંતર પછી સિલ્વર સ્ક્રીન પર પાછા ફર્યા પછી, મલ્લિકાએ આ બિંદુ સુધી પહોંચવાની તેની સફર વર્ણવી. રણવીર અલ્હાબાદિયા સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, મલ્લિકાએ કહ્યું કે વેલકમ કો-સ્ટાર્સ અનિલ કપૂર અને નાના પાટેકર સાથે કામ કરવાનો અનુભવ ઘણો સારો રહ્યો છે. તે બંને મારા ધ્યાન માટે લડતા હતા. આનાથી મને અગત્યનો અનુભવ થયો. વાતચીત દરમિયાન, જ્યારે વેલકમ સેટમાંથી એક તસવીર બતાવવામાં આવી, ત્યારે મલ્લિકાએ એક રમૂજી યાદ શેર કરી અને કહ્યું, ‘મારા બે પ્રેમીઓ, આ તસવીર મારા જીવનનો સરવાળો કરે છે.

### કેનેડામાં યહૂદી શાળામાં ગોળીબાર, આ વર્ષે આવી બીજી ઘટના બની

। કેનેડા, તા.૧૪ ।

કેનેડાની એક યહૂદી શાળામાં ફરી એકવાર ગોળીબારની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ શનિવારે ટોરોન્ટોની એક યહૂદી શાળામાં ફાયરિંગ થયું હતું. આ વર્ષે યહૂદી શાળામાં ગોળીબારની આ બીજી ઘટના છે. કેનેડામાં ગાઝામાં યુદ્ધની શરૂઆતથી જ યહૂદી વિરોધી હુમલાઓમાં વધારો થયો છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે બેસ ચાયા મુશ્કા ગર્લ્સ સ્કૂલમાં એક વાહનમાંથી ગોળી ચલાવવામાં આવી હતી. સદનસીબે ફાયરિંગમાં કોઈને ઈજા થઈ ન હતી. આ દરમિયાન શાળાની બારીઓના કાચ તૂટી ગયા હતા. ટોરોન્ટોના નોર્થ યોર્ક વિસ્તારમાં આવેલી શાળાને મે મહિનામાં આવી જ એક ઘટનામાં નિશાન બનાવવામાં આવી હતી. પોલીસનું માનવું છે કે ગોળીબારની બંને ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી છે.આ ઘટના પર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે તેઓ આ ઘટનાથી ખૂબ જ પરેશાન છે. આ ઘટના એવા સમયે બની જ્યારે યહૂદીઓ યહુદી ધર્મમાં વર્ષના સૌથી પવિત્ર દિવસ યોમ કિપ્પુરની ઉજવણી કરી રહ્યા હતા.

### કમલા હેરિસ અમેરિકાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનશે : એલન લિચમેન

। વોશિંગ્ટન, તા.૧૪ ।

એલન લિચટમેન, એક પ્રતિષ્ઠિત અમેરિકન યુનિવર્સિટીના પ્રોફેસર, ‘વ્હાઈટ હાઉસ કી’ તરીકે ઓળખાતી આગાહી પ્રણાલી વિકસાવી છે, જેણે ૧૯૮૪ થી અત્યાર સુધીની તમામ યુએસ પ્રમુખપદની ચૂંટણીઓના પરિણામની સાચી આગાહી કરી છે. માહિતી અનુસાર, એલન લિચટમેને ૧૯૮૧માં રશિયન ભૂ-ભૌતિકશાસ્ત્રી વ્લાદિમીર કેઈલિસ-બોરોકની મદદથી આ સિસ્ટમ વિકસાવી હતી અને ભૂકંપની આગાહી માટે કેઈલિસ-બોરોક દ્વારા ડિઝાઈન કરાયેલી આગાહી પદ્ધતિઓ અપનાવી હતી. માહિતી અનુસાર, આ સિસ્ટમમાં કુલ ૧૩ કી છે.

### રિસર્ચમાં થયો મોટો ખુલાસો

### મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ, ઉદારતા, રંગ પસંદગીઓ અને અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત કરી છે

# ઋતુ પરિવર્તનને કારણે લોકોના મૂડ અને તેમના નૈતિક મૂલ્યોમાં પણ ફેરફાર થાય

। નવી દિલ્હી, તા.૧૪ ।

નૈતિક મૂલ્યો એ સિદ્ધાંતો છે જે વ્યક્તિની સારા અને ખરાબ, સાચા અને ખોટાની સમજને માર્ગદર્શન આપે છે. તે આપણા પૂર્વગ્રહો, રાજકીય વિચારધારાઓ અને અન્ય ઘણા મહત્વપૂર્ણ વલણો અને ક્રિયાઓને આકાર આપે છે.એવું માનવું લલચામણું છે કે વ્યક્તિના નૈતિક મૂલ્યો સમય અને સંજોગો સાથે સ્થિર રહે છે, અને અમુક હદ સુધી તે સાચું છે. પરંતુ સંપૂર્ણપણે નહીં. નૈતિક મૂલ્યો પરિવર્તનશીલ છે અને કેટલીકવાર વિવિધ પરિસ્થિતિઓમાં ઉદ્ભવતા ચોક્કસ વિચારો, લાગણીઓ અને પ્રેરણાઓના આધારે બદલાઈ શકે છે.ઋતુઓની વિશેષતા માત્ર હવામાનમાં ફેરફાર નથી, પરંતુ આપણી આસપાસના વાતાવરણ અને



આપણા જીવનના લયમાં ઘણા વધારાના ફેરફારો પણ છે. આમાં વસંત ઋતુમાં સફાઈ, ઉનાળામાં પરિવાર સાથે વધુ સમય વિતાવવો, શરદ ઋતુમાં શાળા માટે ખરીદી અથવા શિયાળાની રજાઓની તૈયારી સામેલ હોઈ શકે છે.પરિણામે, ઋતુઓમાં ફેરફાર લોકો જે વિચારે છે, અનુભવે છે અને કરે છે તેમાં ફેરફાર તરફ દોરી જાય છે. મોટાભાગના લોકો જાણે છે કે ઋતુઓમાં હવામાનના ફેરફારની લોકોના મૂડ પર અસર થાય છે, પરંતુ આ તો માત્ર હિમશિલાની ટોચ છે. મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ, ઉદારતા, રંગ પસંદગીઓ અને અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત કરી છે.અને તેથી, અમારા તાજેતરના સંશોધનમાં, અમે તપાસ કરી કે શું લોકોના સમર્થન કરતા નૈતિક મૂલ્યોમાં પણ ઋતુગત ચક્રો હોઈ શકે છે.અમે પાંચ મૂળભૂત સિદ્ધાંતોની તપાસ કરી જેને અગાઉના સંશોધનોએ મૂળભૂત નૈતિક મૂલ્યો તરીકે ઓળખ્યા છે.

### દિલ્હીમાં ઈમરજન્સી લેન્ડિંગ | કેપ્લેનને ઝડપથી દિલ્હી તરફ વાળવામાં આવ્યું અને દિલ્હીના આઇજીઆઇ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું

# મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી

। નવી દિલ્હી, તા.૧૪ ।

મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. પ્લેનને ઝડપથી દિલ્હી તરફ વાળવામાં આવ્યું અને દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું. પ્લેન હાલમાં દિલ્હી એરપોર્ટ પર ઉભું છે. મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા પ્રોટોકોલ મુજબ પ્લેનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.પોલીસે કહ્યું કે અમે તમારા સહકારની




અપેક્ષા રાખીએ છીએ, અને તમને વણચકાસાયેલ માહિતી ફેલાવવાથી દૂર રહેવાનું કહીએ છીએ. વધુ માહિતી સમયાંતરે શેર કરવામાં આવશે.ફ્લાઈટ ટ્રેકિંગ એપ FlightRadar24 અનુસાર, મુંબઈથી ન્યૂયોર્કના જેએફકે એરપોર્ટ માટે છેં ૧૧૯ ફ્લાઈટ રાત્રે લગભગ ૨ વાગ્યે મુંબઈથી ટેકઓફ થઈ હતી અને તરત જ તેને દિલ્હી તરફ વાળવી પડી હતી.ગયા મહિને મુંબઈથી એર ઈન્ડિયાની અન્ય એક ફ્લાઈટને બોમ્બની ધમકી મળી હતી, ત્યારબાદ તેણે તિરુવનંતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. પ્લેનના વોશરૂમમાં ટિશ્યુ પેપર પર લખેલું જોવા મળ્યું હતું કે ફ્લાઈટમાં બોમ્બ છે. આ પછી તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં આવી હતી અને ત્યારબાદ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, ’૧૪ ઓક્ટોબરે મુંબઈથી જેએફકે જતી ફ્લાઈટ એઆઈ૧૧૯ને વિશેષ સુરક્ષા ચેતવણી મળી હતી અને સરકારની સુરક્ષા નિયમન સમિતિની સૂચના પર તેને દિલ્હી તરફ વાળવામાં આવી હતી. તમામ મુસાફરો ઉતરી ગયા છે અને દિલ્હી એરપોર્ટ ટર્મિનલ પર છે. ગ્રાઉન્ડ પરના અમારા સાથીદારો આ અણધાર્યા વિક્ષેપને કારણે મુસાફરોને પડતી અસુવિધાને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. એર ઈન્ડિયા તેના મુસાફરો અને ક્રૂની સુરક્ષા અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

## ડ્રોપ બોક્સમાંથી ચેક ચોરી ગઠિયો એક લાખ ઉપાડી ગયો

। અમદાવાદ, તા.૧૪ ।

શહેરના રામોલ વિસ્તારમાં આવેલ એક્સિસ બેંકની બ્રાંચમાં ડ્રોપ બોક્સમાં એક નાગરિકે નાખેલા રૂપિયા એક લાખના ચેકની બેંક કર્મચારીને મદદ કરવાના નામે ચોરી કરીને લુણાવાડાની બ્રાંચમાં ખોટી ઓળખ આપીને ચેક વટાવી લીધો હતો. આ મામલે રામોલ પોલીસે છેતરપિંડી આચરનારા મહારાષ્ટ્રના પાલઘરના ગઠિયા સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. નોંધનીય છે, વાપીમાં આ જ આરોપીની પોલીસે ધરપકડ કરી છે. તેથી પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીની કસ્ટડી મેળવવા તજવીજ હાથ ધરી છે. ઘાટલોડિયામાં રહેતા અને વસ્ત્રાલ એક્સિસ બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા મિતેશભાઈ વાઘેલા પાસે ગત ૩ સપ્ટેમ્બરના રોજ બેંકમાં હાજર હતા ત્યારે ચિરાગભાઈ પટેલ આવ્યા હતા.

### સોનાના ભાવ ૭૮ હજાર પહોંચ્યા, ચાંદી ૯૦ હજારે પહોંચી છતાં ખરીદી વધી

# સોના અને ચાંદી બજારમાં તેજી વચ્ચે હવે લગ્નસરાની ખરીદી શરૂ થઈ ગઈ

**લગ્નસરાની ખરીદી શરૂ કરતાં સોની બજારમાં ચાંદી જ ચાંદી જેવી સ્થિતિ જોવા મળી રહી છે**

। માહિતી બ્યુરો,ગાંધીનગર, તા.૧૪।

સોના ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે તેમ છતાં ખરીદી પણ વધી રહી છે. નવરાત્રિની શરૂઆતથી સોની બજારમાં જોવા મળતી તેજી યથાવત રહી છે. નવરાત્રિ બાદથી લોકોએ લગ્નસરાની ખરીદી શરૂ કરતાં સોની બજારમાં ચાંદી જ ચાંદી જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સરકારે સોના પરની ડ્યૂટી ઘટાડતાં સોનાના ૧૦ ગ્રામના ભાવ ૭૦ હજાર પહોંચી ગયા હતા જે આઠ મહિનામાં વધીને ફરીથી ૭૮ હજારના પાર થઈ ગયા છે. બીજી તરફ કિલો ચાંદીનો ભાવ પણ ૮૪ હજારે પહોંચીને ફરીથી ૯૦ હજાર સુધી પહોંચી ગયો છે. હાલ સોની બજારમાં તેની માહોલ



જોતાં વેપારીઓ ખુશ છે હજુ આ માહોલ દિવાળી અને લગ્નસરા સુધી રહેશે તેમ વેપારીઓ માની રહ્યા છે. સોનાના ભાવમાં વર્ષોથી સતત વધારો થઈ રહ્યો છે. તેમ છતાં સોનાની ખરીદી અને માંગ ક્યારેય ઘટી નથી. હાલમાં સોનાના ભાવ ૭૮ હજાર સુધી પહોંચી ગયા છે તેમ છતાં લોકો સોનાની ખરીદી કરી રહ્યા છે. હવે નવરાત્રિ પૂરી થતાંની સાથે જ લોકોએ લગ્નસરા માટે ખરીદી શરૂ કરી દીધી છે. તેમાંય દિવાળી ટાણે પુષ્યનક્ષત્રમાં પણ સોનાની ખરીદી માટેને ઓર્ડર અત્યારથી જ લેવાના શરૂ થઈ ગયા છે. સોની બજારના અગ્રણી વેપારી રિતેશ આસોદરાના જણાવ્યા મુજબ અમેરિકાની બેંકમાં વ્યાજદર ઘટતાં વૈશ્વિક સોનાની ખરીદી વધી છે. જેને લઈને ભાવમાં પણ થોડો વધારો થયો છે.પહેલાં દુબઈ અને ભારતમાં સોનાના ભાવમાં ઘણો તફાવત હતો. જેને પગલે દાણચોરોની સિન્ડિકેટ સોનાની દાણચોરી કરતી હતી અને દાણચોરીનું સોનું બજારમાં તરત જ વેચાઈ જતું હતું. હવે ડ્યૂટી ઘટાડતાં ભાવનો તફાવત ઘટી ગયો છે. માટે હવે દાણચોરી માટે દુબઈ જઈને પરત આવવાનું પરવડે નહીં. જો એરપોર્ટ પર પકડાઈએ તો બધુ જ સોનું સરકારની તિજોરીમાં જમા થઈ જાય.

### ડુપ્લીકેટ ઘીનો મોટો જથ્થો મહેસાણાના કડીમાંથી ઝડપાયો

### મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે, સ્થળ પરથી ૨૪,૨૯૭ કીલો લુઝ ઘી, ૪૯૭૯ કિલો લુઝ પામોલિન, ૮૦૩૬ કિલો રિફાઇન પામોલિન અને ૫૭૯૮ કિલો ફોરેન ફેટનો જથ્થો સિઝ કર્યો છે

# કડી જીઆઇડીસીમાંથી ૪૩,૧૦૯ કિલો ગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

। પ્રતિનિધિ, કડી, તા.૧૪ ।

તહેવારોની સીઝનમાં જ શંકાસ્પદ ડુપ્લીકેટ ઘીનો મોટો જથ્થો મહેસાણાના કડીમાંથી ઝડપાયો છે. મહેસાણા ફૂડ વિભાગ અને LCB ની ટીમે ગત મોડી રાત્રે બાતમીના આધારે કડી જીઆઈડીસીમાં આવેલા પાંચ ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ પામ ઓઈલ, ફોરેન ફેટ મિક્ષ કરીને ઘી બનાવવામાં આવતું હતું. જો કે ફૂડ વિભાગ અને LCB ની ટીમે શંકાસ્પદ ઘીના નમૂના લઈને વધુ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલ્યા છે. શંકાસ્પદ ડુપ્લીકેટ ઘી બનાવતી ફેક્ટરીનો માલિક હાલમાં ફરાર છે. પોલીસે તેને શોધવાની કામગીરી હાથ ધરી છે.મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે, સ્થળ પરથી ૨૪,૨૯૭ કીલો લુઝ ઘી, ૪૯૭૯ કિલો લુઝ પામોલિન, ૮૦૩૬ કિલો રિફાઈન પામોલિન અને ૫૭૯૮ કિલો ફોરેન ફેટનો જથ્થો સિઝ કર્યો છે. ૪૩,૧૦૯ કિલો કુલ શંકાસ્પદ ઘીનો જથ્થો કે જેની કિંમત રૂપિયા ૧,૨૪,૮૭,૮૬૫નો જથ્થો ઝડપીને ફૂડ વિભાગે વધુ કાર્યવાહી હાથ ધરી છે. તહેવારોની સીઝનમાં જ શંકાસ્પદ ડુપ્લીકેટ ઘીનો મોટો જથ્થો મહેસાણાના કડીમાંથી ઝડપાયો છે. પ્રાથમિક દ્રષ્ટિએ પામ ઓઈલ, ફોરેન ફેટ મિક્ષ કરીને ઘી બનાવવામાં આવતું હતું.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya